**સુવિચાર**

ઉચ્ચ કે સામાન્ય કુળમાં જન્મ થવો એ ભાગ્યને આધીન હોય છે. તેમ છતાં શ્રેષ્ઠ બનવું તે આપણા હાથની વાત છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૦૭/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૭૨


## પ્રમુખ તરીકે ભગીરથ ત્રિવેદી અને મહામંત્રી તરીકે રાજુભાઈ શિંગાળાને જવાબદારી

# અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સનાં નવા હોદ્દેદારોની વરણી

**દામનગર, સાવરકુંડલા, વડિયા, ધારી સહિતની ચેમ્બરનાં હોદ્દેદારોની ઉપસ્થિતિમાં હોદ્દેદારોની વરણી**

**અમરેલી શહેર વેપારી મહામંડળનાં પ્રમુખ બિરજુ અટારા પણ ઉપસ્થિત રહ્યા**

**નવનિયુક્ત હોદ્દેદારો પર જિલ્લાભરનાં વેપારીઓ દ્વારા અભિનંદનવર્ષા શરૂ**

**નવનિયુક્ત હોદ્દેદારોએ જિલ્લાનાં વેપારીઓનાં વિવિધ પ્રશ્નો દૂર કરવા ખાત્રી આપી**



અમરેલી, તા. ૪

આજે અમરેલી ખાતે ચિતલ રોડ પર આવેલ સૂર્યા ગાર્ડનમાં અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સની મીટીંગ મળેલ હતી. જેમાં જિલ્લાનાં તમામ તાલુકા અને શહેરોનાં ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખો હાજર રહ્યાં હતા. જેમાં અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના નવા પ્રમુખ તરીકે સર્વાનુમતે યુવાન-ઉત્સાહી અને વેપારીનાં પ્રશ્નો માટે અને તેના ઉકેલ માટે રજૂઆત કરી શકે અને જરૂર પડે તો લડત આપી શકે તેવા ભગિરથભાઈ ત્રિવેદીની વરણી કરવામાં આવી હતી. તેમજ વહીવટી કુશળ, સરળ સ્વભાવના અને તાલુકા પ્રમુખોનો જબ્બરો વિશ્વાસ સંપાદન કરેલ છે તેવા સાવરકુંડલાનાં રઘુવંશી સમાજનાં અગ્રણી રાજુભાઈ શિંગાળાની અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના નવા મહામંત્રી તરીકેની


**અનુસંધાન પાના ૬ ઉપર**


### પાલિકાનાં શાસકો યોગ્ય કરે તેવી માંગ

## સાવરકુંડલામાં બિસ્માર માર્ગને લઈને સ્થાનિકોમાં રોષની આંધી

**સ્થાનિકોએ માર્ગને લઈને ભ્રષ્ટાચારનો કર્યો આક્ષેપ**



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા પાલિકા દ્વારા તાજેતરમાં તકદીરની દુકાન પાસેથી લોહાણા મહાજનવાડી પાસે પેવિંગ બ્લોકના રિપેરીગ કામનું બિલ તપાસ કર્યા વગર ચૂકવી આપેલ હોવાથી રોડની સ્થિતિ એની એ જ ખુલ્લો ભ્રષ્ટાચાર જોવા મળેલ છે.

સાવરકુંડલા નગરપાલિકા વોર્ડ નંબર ૭ નાં તકદીર પાનની દુકાનથી લુહાર જ્ઞાતિના મંદિર પાસે ખૂબ જ પાણી ભરાતું હતું. તે સમસ્યાઓથી સ્થાનિક દુકાનદારો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. તે સમસ્યાનો ઉકેલ લાવવા માટે સાવરકુંડલા નગર પાલિકાએ તકદીર પાનની દુકાન પાસે ંથી લોહાણા મહાજનવાડી સુધીનો પેવિગ બ્લોક રોડનું રીપેરીંગ કામ કરવા માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતું. ત્યારે કોન્ટ્રાકટરે માત્ર ને માત્ર પેવિંગ બ્લોક કાઢીને એમને એમ ફિટ કરી દીધા હતા. તે પેવિંગ બ્લોકના રિપેરીગ કામમાં પાણી ન ભરાય તે મુજબનું કામ આપવામાં આવેલ હતું. પરંતુ એ રીતનું કામ જ કરવામાં આવેલ નથી એટલે


**અનુસંધાન પાના ૬ ઉપર**


## ખાંભા-તુલસીશ્યામ વનવિભાગ દ્વારા 3 શખ્સો વિરૂધ્ધ કાર્યવાહી

ખાંભા, તા. ૪

ખાંભા તુલસીશ્યામ રેન્જમાં આવેલ કોઠારીયા રાઉન્ડમાં ચીખલી કુબા બીટમાં જંગલમાં પ્રતિબંધિત વિસ્તાર રાવળ ડેમ ખાચામાં ગેરકાયદેસર રીતે ૨ ઈસમો પ્રવેશી ગુન્હો કરનારા સંજયભાઈ નનુભાઈ બારૈયા, બાલાભાઈ કાનાભાઈ ડાભી, દિનેશભાઈ ગુણાભાઈ મોરવાડિયાને તુલસીશ્યામ રેન્જ દ્વારા પકડી પાડી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ ૨૭ મુજબ ગુન્હો નોંધી એડવાન્સ પેટે ૬૦.૦૦૦ નો વનવિભાગ દ્વારા દંડ વસૂલી કાર્યવાહી હાથ ધરતા ફફડાટ ફેલાયો છે.

### જિલ્લા ભાજપ મંત્રી જયેશ ટાંકની રજૂઆત સફળ રહી

## અમરેલી-લીલીયા માર્ગને ફોરલેન બનાવવાનો નિર્ણય થતાં સ્થાનિકોમાં ખુશી

**નાયબ દંડક કૌશિક વેકરિયાએ માર્ગ મંજૂર કરાવ્યો**





અમરેલી, તા. ૪

અમરેલી-લીલીયા રોડને ફોરલેન બનાવવાની રજુઆત કૌશિક વેકરીયાને જિલ્લા ભાજપ મંત્રી જયેશ ટાંક ધ્વારા કરવામાં આવેલ હતી. તે


**અનુસંધાન પાના ૬ ઉપર**


### જાફરાબાદનાં સરોવડા ગામે પણ વરસાદ

## રાજુલા પંથકમાં ધોધમાર બે ઈંચ વરસાદ : જળાશયો છલોછલ

**લાઠી પંથકમાં પણ સાંજના સમયે ઝાપટું**



સાવરકુંડલા, તા. ૪

અમરેલી જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી સાર્વત્રિક વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. આજે પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ પડયો હતો. તો સતત વરસાદી માહોલને પગલે જિલ્લાના ૬ જેટલા જળાશયો અત્યાર સુધીમાં ઓવરફલો થઈ ચુકયા છે. તો આજે રાજુલાનો ધાતરવડી-૨ ડેમ પણ છલકાઈ ઉઠયો હતો.

આજે અમરેલી જિલ્લાના દરિયાઈ પટ્ટીના રાજુલા પંથકમાં ધોધમાર બે ઈંચ વરસાદ પડયો હતો. રાજુલાના હિંડોરણા, કડિયાળી, નિંગાળા, ભેરાઈ, રામપરા, છતડીયા સહિત વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ પડયો હતો. વરસાદને કારણે ગામની બજારોમાં પાણી વહેતા થઈ ગયા હતા. તેવામાં સતત વરસાદને કારણે વિસ્તારોમાં નદી નાળાઓમાં પણ પાણીની ભરપૂર આવક થઈ રહી છે. જેને લઈને ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

રાજુલા પંથકના બે મુખ્ય ડેમો પૈકી ધાતરવડી-૧ અને ધાતરવડી-૨ બંને ઓવરફલો થઈ ચુકયા છે. જેને લઈને ખેડૂતોની ચિંતા હળવી થઈ છે. આજે જ પડેલા


**અનુસંધાન પાના ૬ ઉપર**



**અભિનંદનનો ગુલદસ્તો**

શ્રી ભગીરથભાઈ ત્રિવેદી
પ્રમુખશ્રી
ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ

શ્રી રાજુભાઈ શિંગાળા
મહામંત્રીશ્રી
ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ

અમારા પરમ સ્નેહી મિત્ર શ્રી ભગીરથભાઈ ત્રિવેદી ની ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ તરીકે તેમજ શ્રી રાજુભાઈ શિંગાળા ની મહામંત્રી તરીકે વરણી થતાં અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. સાથો સાથ... તેઓને ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામનાઓ પણ પાઠવીએ છીએ.

: શુભેચ્છક :

વેપારી મહામંડળ • અમરેલી •

**અમરેલી વેપારી મહામંડળ પરિવાર**



**ડૉ. પિયુષ વી. ગોસાઈ**

(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત

**શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર**

સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬

ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...

ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.



**હાર્દિક અભિનંદન**

શ્રી ભગીરથભાઈ ત્રિવેદી
પ્રમુખશ્રી
ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ

શ્રી રાજુભાઈ શિંગાળા
મહામંત્રીશ્રી
ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ

અમારા પરમ સ્નેહી મિત્ર શ્રી ભગીરથભાઈ ત્રિવેદી ની ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ તરીકે તથા શ્રી રાજુભાઈ શિંગાળા ની મહામંત્રી તરીકે વરણી થતાં અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. સાથો સાથ... તેઓને ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામનાઓ પણ પાઠવીએ છીએ.

: શુભેચ્છક :

**અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ પરિવાર**

## રાજુલા પીજીવીસીએલ અધિકારીઓની ગુનાહિત બેદરકારી પ્રકાશમાં આવી


# આલેલે : સામાન્ય વરસાદમાં વીજપોલ જમીનદોસ્ત થયા

તાઉતે વાવાઝોડા વખતે ક્ષતિગ્રસ્ત થયેલ વીજપોલને નિયમ મુજબ ફીટ ન કરાતા પુનઃ મુશ્કેલી

મોટા બારમણને જાફરાબાદ સાથે જોડતા માર્ગ પર વીજપોલ જમીનદોસ્ત થતાં અનેક ગામોમાં પાંચ દિવસથી અંધારપટ્ટ

જે–તે સમયે જાગૃત્ત નાગરિકોએ રજૂઆત કરી છતાં પણ તંત્રએ ધ્યાન ન આપતા હવે મુશ્કેલી

મોટા બારમણનાં સરપંચ જગદીશ ચૌહાણે ઉચ્ચ કક્ષાએ પત્ર પાઠવી યોગ્ય કરવા માંગ કરી



ખાંભા, ૪

રાજુલા પીજીવીસીએલની બેદરકારીના પાપે ખાંભા–જાફરાબાદના રોડ ઉપરના ગામોના વીજપોલ ચોમાસાના પ્રથમ વરસાદે ઢળી જતાં ૫ થી ૭ ગામોમાં અંધારા છવાયા છે.

તૌકતે વાવાઝોડામાં પડી ગયેલા વીજપોલ ઉભા કરવામાં કોન્ટ્રાકટરની બેદરકારી સામે આંખ મિચામણા કરનારા પીજીવીસીએલના અધિકારીની નજર નીચે વીજપોલ ઉભા કરવામાં ખાડામાં માટી/પથ્થર નાખવામાં ઘોર બેદરકારી રહી જતાં વીજપોલના ખાડામાં પથ્થર ધરબવ્યા વગર વીજપોલ ઉભા કરવામાં આવેલા. આ બાબતે આરટીઆઈ એકટીવીસ્ટ એસોસિએશન દ્વારા તત્કાલીન સમયે છેક ગાંધીનગર સુધી લેખિતમાં જાણ કરેલ પરંતુ સરકાર અને અધિકારીઓએ ધ્યાન ન આપતા હાલ ગ્રામ્ય વિસ્તારમાં વીજપોલ વાયર સાથે ઢળી જતા જાફરાબાદ–ખાંભાને જોડતા રોડ ઉપર મોટા બારમણથી જીકાદ્રી સુધીમાં આવેલ પીછડી, ફાચરિયા, લોર, એભલવડ વગેરે ગામોમાં છેલ્લા પાંચ દિવસથી અંધારા છવાયા છે.

મોટા બારમણથી જાફરાબાદને જોડતા બનેલા નવા રોડની સાઈડમાં ઉભેલા વીજપોલ વરસાદી પાણી ભરાતા વીજવાયર સાથે ઢળી પડયા ને પાંચ દિવસ વીતવા છતાં રાજુલા પીજીવીસીએલ દ્વારા વીજપોલ ઉભા કરી વીજ લાઈન ચાલુ કરવામાં પાંચ દિવસ વીતી જતાં બારમણના જાગૃત સરપંચ જગદીશ ચૌહાણે છેક ગાંધીનગર સુધી લેખિતમાં રજૂઆત કરવાની ફરજ પડી છે.

## ગાંધીનાં ગુજરાતમાં વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપાતા ચકચાર

# ઉનાનાં ગીરગઢડા માર્ગ પર આવેલ સ્ટાન્ડર્ડ કોટન જીનીંગ મીલનાં ગોડાઉનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

### વિદેશી દારૂની ૨૫૦૦ કરતાં પણ વધારે બોટલ ઝડપી લેતી ક્રાઈમ બ્રાન્ચ





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા.૪

ગીરસોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમે ઉનાના ગીરગઢડા રોડ પર આવેલ સ્ટાન્ડર્ડ કોટન જીનીંગ મિલના ગોડાઉનમાંથી સાત લાખથી વધુનો વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો ઝડપી પાંચ બુટલેગરો વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

ઉના શહેર અને ગીરસોમનાથ જિલ્લામાં જાણે કે બુટલેગરો બેફામ બન્યા હોય તેમ અવારનવાર દારૂના જથ્થાઓ ઝડપાઈ રહ્યા છે. ત્યારે ગીરસોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમના પ્રવીણ મોરી, પ્રફુલ વાઢેર, સંદીપ ઝણકાટ, રાજુ ગઠીયા, વિજયસિંહ ઝાલા સહિતનો સ્ટાફ ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય ત્યારે ગીરગઢડા રોડ પરની જીનિંગ મિલમાં મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો હોવાની માહિતીના આધારે જિલ્લા ક્રાઈમ બ્રાંચ ટીમે રેડ કરતા વિદેશી દારૂની પેટી નંગ ૧૩૮ જેમાં બોટલ નંગ ૨૫૯૨ કિંમત ૬ લાખ ૬૨ હજાર ૪૦૦ તથા બિયર પેટી નંગ ૩૩, જેમાં બિયર નંગ ૭૯૨, કિંમત ૭૯ હજાર ૨૦૦ સાથે દારૂ બિયરની પેટી નંગ ૧૭૧, જેની કિંમત ૭ લાખ ૪૧ હજાર ૬૦૦ તેમજ મોબાઈલ નંગ ૩, જેની કિંમત ૨૫ હજાર ૫૦૦ સાથે કુલ મુદ્દામાલ ૭ લાખ ૬૯ હજાર ૧૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી કાનાભાઈ કાળુભાઈ ગોહિલ મુ.ગાંગડા રહે ઉના, હસનેનભાઈ આસિફઅલીભાઈ સુમરાણી રહે.ઉના ઝડપી પાડવામાં આવ્યા હતા. જયારે ભગુભાઈ ઉકાભાઈ જાદવ રહે. ઉમેજ તા.ઉના, પંકજભાઈ રહે.નાની દમણ હાલ મુંબઈ, રાકેશ ભીમાભાઈ રહે.રોહિશા તા.જાફરાબાદ વાળાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતાં. તેમજ પકડવાનો બાકી બુટલેગર ભગુભાઈ ઉકાભાઈ જાદવ રહે. ઉમેજવાળાને દોઢ વર્ષ પૂર્વે ૪૯૦ પેટી દારૂના જથ્થા સાથે ઉનાના ગાંગડા ગામેથી ઝડપી પાડવામાં આવ્યો હતો તેમજ ૧૦ માસ પૂર્વે પણ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમે ઉનાના ઉમેજ ગામેથી માલઢોર બાંધવાના ઢાળિયામાંથી દારૂની ૬૩ પેટીના જથ્થા સાથે ઝડપી પાડેલ હતો.

## સાગરખેડૂઓ લગ્નનાં બંધનમાં બંધાયા

# જાફરાબાદ પંથકમાં ખારવા સમાજમાં માંગલિક પ્રસંગોનો ઉત્સાહભેર પ્રારંભ

### માચ્છીમારી બંધ હોય પ્રસંગનું આયોજન



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૪

જાફરાબાદમાં ખારવા સમાજમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. ઠેકઠેકાણે લગ્નમાં ઘરોની રોશનીથી સજાવવામાં આવ્યા છે. હાલ માચ્છીમારીની સિઝન બંધ હોય આઠ મહિના દરમ્યાન સાગરખેડૂ દરિયો ખેડવા જાય છે. આઠ મહિનાની સિઝન દરમિયાન મહામહિના પંદર દિવસ સામાજિક કાર્યો માટે બોટો બંધ રાખવામાં આવતી હોય છે. તે દરમિયાન ખારવા સમાજમાં સગાઈ, તેમજ લગ્ન માંગવા માટે છોકરીના ઘરે છોકરાવાળા વેવાઈ–વેવાઈ ભેગા થઈ લગ્ન માંગવામાં આવે છે. અષાઢ મહિનામાં એટલે ચોમાસામાં માંગલિક પ્રસંગો એટલે લગ્નના આ અવસર માટે અગાઉથી છોકરીવાળા લાડકવાયી દીકરી માટે તમામ કરિયાવર દાગીનાથી લઈને તમામ ઘરવખરીની ખરીદી કરવામા આવે છે. છોકરાવાળા કપડાં તેમજ વરરાજાના ઘરના તમામ પરિવારોની ખરીદી કરવા માટે મહિના દિવસથી માંગલિક પ્રસંગો એટલે લગ્નનો સાગરખેડૂમાં અનેરો પ્રસંગ હોય છે. ખારવા સમાજના લગ્ન હોય એમાં સ્થાનિક વેપારીઓની પણ આ સિઝન દરમિયાન દુકાનમાં ખરીદી સાગરખેડૂ દ્વારા થતી હોય છે. તેમજ રાજુલા, મહુવા, સુરત, અમદાવાદ, વેરાવળ, પોરબંદર, તમામ શહેરોમાં લગ્નની ખરીદી માટે સાગરખેડૂ જતા હોય છે. આઠ મહિના દરમ્યાન ગમે તેવી આફતમાં મધદરિયે હાથની હથેળીમાં જીવ લઈ દરિયો ખેડવા જતા સાગરખેડૂ (ખલાસીઓ)માં લગ્ન એ જીવનની અમૂલ્ય માંગલિક પ્રસંગ કહીં શકાય. હાલ ખારવા સમાજના આંગણે લગ્નની સિઝનની મજા માણતા ભોળા મનના સાગરખેડૂના નિવાસ સ્થાને તેમના ઘરોમાં લાઈટીંગની તેમજ ડી.જે. અનોખી સજાવટ જોઈ તેવું લાગે કે કાલ્પનીક નગરીમાં આવ્યા હોય તેવું લાગે. હાલતો સાગરખેડૂ માટે એક મહિના દરમ્યાન લગ્ન તેમજ અન્ય સામાજિક કાર્યો કરી ફરી દરિયા દેવનો ખોળો ખુંદવા જશે. એટલે કહેવાનું અને ગાવાનું મન થાય, અમે દરિયાનો ખોળો ખુંદનાર રે ખારવા ખારવા અલ્લાહબેલી કે ખારવા ખારવા અલ્લાહ બેલી.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## આમ આદમી પાર્ટીનાં આગેવાનોની માંગ

# રાજુલાનાં તત્વજયોતિ, મફતપરા સહિતનાં વિસ્તારોમાં આરોગ્ય સુવિધા ઉભી કરો

### તાલુકા આરોગ્ય અધિકારીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૪

રાજુલા આમ આદમી પાર્ટીનાં આગેવાનો કનુભાઈ દુધરેજીયા, બળવંતભાઈ મકવાણાએ આરોગ્ય અધિકારીને પત્ર પાઠવીને તત્વજયોતિ, મફતપરા સહિતનાં વિસ્તારોમાં આરોગ્ય સુવિધા ઉભી કરવા માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, રાજુલા શહેરમાં આવેલ છે અંદાજે પચાસ હજાર આસપાસની વસતી વસાવટ કરે છે. પરંતુ આ વિસ્તારમાં અર્બન દવાખાનાની સુવિધા ન હોવાથી ગરીબ માણસો મજબૂરન પ્રાઈવેટ કે ડીગ્રી વગરનાં ડોકટરો પાસે સારવાર લેવા જવું પડે છે. જેનાં કારણે આડ અસર કે અન્ય તકલીફ થવાની શકયતા રહે છે અથવા કમ્મરતોડ ફી ભરવી પડતી હોય છે. જે મજુર વર્ગને અઘરું હોય છે તો સરકારની યોજના મુજબ છેવાડાનાં માણસોને આરોગ્ય સુવિધા મળે આ કારણથી તત્વજયોતિ વિસ્તારમાં જલ્દી અર્બન દવાખાનાની સેવા શરૂ કરવા માંગ ઉભી થઈ છે.

# સાવરકુંડલા માનવ મંદિર નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ માટે બન્યું પ્રેકટીકલ અભ્યાસનું કેન્દ્ર






સાવરકુંડલાથી પાંચ કિલોમીટર દૂર હાથસણી ઢોર ઉપર મનોરોગી આશ્રમ માનવ મંદિર આવેલું છે જયાં અત્યારે પર મનોરોગી બહેનો ભકિતબાપુની નિશ્રામાં દવા, દુવાને હવાના માધ્યમથી સારવાર લઈ રહી છે અત્યાર સુધીમાં ૧૧૫ મનોરોગીઓ સાજા થઈ સમાજમાં પુનઃસ્થાપિત થયા છે. વિનામૂલ્ય અને કોઈ પણ પ્રકારનો ફાળો કર્યા વગર ચાલતી આ ભકિતબાપુ દ્વારા સેવાને અનેક સેવકોના સહકારથી સફળતા મળી રહી છે ત્યારે છેલ્લા પાંચ વર્ષથી મનોરોગી આશ્રમ માનવ મંદિરે રાજકોટ અને અમરેલીની નર્સિંગ કોલેજના વિદ્યાર્થી ભાઈ–બહેનો પ્રેકટીકલ અભ્યાસ માટે માનવ મંદિરે આવે છે અને બહેનો તથા ભકિતબાપુ પાસેથી માર્ગદર્શન મેળવી રહ્યા છે. આજે અમરેલી કે એમ.જાની કોલેજના ૭૦ જેટલા વિદ્યાર્થી ભાઈ–બહેનો મનોરોગી આશ્રમ માનવ મંદિરે આવીને અહીંની મનોરોગી બહેનો સાથે વાતચીત કરી ભકિતબાપુ પાસે માર્ગદર્શન માગ્યું અને વર્ગખંડો કરતા આ પ્રેકટીકલ જ્ઞાનથી નર્સિંગ કોલેજના ભાઈ–બહેનોએ ઘણી બધી જાણકારી મેળવી નર્સિંગ કોલેજમાં મનોરોગીઓની કેમ સારવાર કરવી, મનોરોગીઓ સાથે કેવું વર્તન કરવું, મનોરોગીની ખાસિયતો કેવી છે, તેમની સાથે વિસ કેળવી અને નજીક જઈ કેમ કામ કરવું, આ બધા જ પ્રશ્નોનું પ્રેકટીકલ સોલ્યુશન આ વિદ્યાર્થી ભાઈ–બહેનોએ મેળવું હતું.

## વડિયા નજીક આવેલ સાકરોળા ગામે વાડી વિસ્તારમાં વીજ પાવરને લઈને નારાજગી

# ખેડૂતોએ પીજીવીસીએલ હાય... હાયનાં નારા લગાવ્યા

**ખેડૂતોએ વડિયાની પીજીવીસીએલની કચેરીમાં જમાવડો કરી પંખા બંધ કરીને અધિકારીઓને ગરમીનો અહેસાસ કરાવ્યો**

**વડિયાનાં નાયબ ઈજનેરને ધારાસભ્યો રાદડીયા, વેકરિયા બાદ હવે ભૂપત ભાયાણીએ પણ ખખડાવ્યા**

**મહામુસીબતે ખેડૂતોને સમજાવીને યોગ્ય કરવાની ખાત્રી અપાયા બાદ મામલો શાંત થયો**

**વડિયાનાં નાયબ ઈજનેરની કાર્યશૈલી વિવાદાસ્પદ બની હોય ઉચ્ચ અધિકારીઓ શું કરે છે તે જનતાને સમજાતું નથી**







વડિયા, તા. ૪

અમરેલી જિલ્લાના છેવાડાના ગ્રામીણ તાલુકા મથક એવા વડિયાની પીજીવીસીએલ કચેરી છેલ્લા એક માસથી કોઈને કોઈ બાબતે વારંવાર વિવાદનું કેન્દ્ર બનતી જોવા મળી રહી છે. હાલ વડિયાની ભાગોળે આવેલા ભેંસાણ તાલુકાના સાકરોળા ગામના ખેડૂતો અને ગ્રામજનો દ્વારા પોતાના વાડી વિસ્તારના વીજ પાવરના પ્રશ્નો અને ગામના વીજ પાવર અને હેલ્પરના પ્રશ્ને સરપંચ, ઉપ સરપંચ અને સ્થાનિક આગેવાનોની આગેવાનીમાં મોટી સંખ્યામાં વડિયા પીજીવીસીએલ કચેરી ધસી આવ્યા હતા અને પોતાના પ્રશ્નો બાબતે નાયબ ઈજનેર પટેલને ઉગ્ર રજુઆત કરી હતી. ત્યારે સાથે આવેલા લોકોએ કચેરીના પંખા બંધ કરી વડિયા પીજીવીસીએલ કચેરીના અધિકારીએ ગરમીનો અહેસાસ કરાવ્યો હતો. ત્યારે સ્થાનિક અધિકારી દ્વારા અન્ય બીજા હેલ્પરને મૂકવાની અને પ્રશ્ન ટૂંકાગાળામાં પૂર્ણ કરવાનું આસન આપ્યું હતું. આ બાબતની રજુઆત સાકરોળા ગામના સ્થાનિક લોકોએ આમ આદમી પાર્ટીના ભેંસાણના ધારાસભ્ય ભુપત ભાયાણીને કરતા તેણે પણ વડિયાના અધિકારીને ટેલિફોનિક રીતે કડક શબ્દોમાં ખખડાવ્યા હતા અને તુરંત પ્રશ્ન પૂર્ણ કરવા જણાવ્યું હતું.

આ હલ્લાબોલમાં વડિયા ઓફીસ ખાતે સાકરોળા સરપંચ ગિરીશભાઈ કથીરિયા, ઉપ સરપંચ અશોકભાઈ વિછી, પ્રવિણ સોજીત્રા, મૂળુભાઈ વાંજા, કાળુભાઈ રીબડીયા, પરેશભાઈ કથીરિયા, હરેશભાઈ બાલધા, મુન્નાભાઈ વીછી, વિનુભાઈ વઘાસીયા અને પરાગભાઈ ભરવાડની આગેવાનીમાં ખેડૂતો અને લોકો ઉમટયા હતા અને પીજીવીસીએલ હાય હાયના નારા લગાવ્યા હતા. છેલ્લા એક મહિનામાં વડિયા પીજીવીસીએલ કચેરીના અધિકારીઓના જયેશ રાદડિયા, કૌશિક વેકરિયા અને ભુપત ભાયાણી સહિત ત્રણ ધારાસભ્યએ કલાસ લીધા હોય છતાં હજુ કોઈ પરિણામલક્ષી કામગીરી થતી ના હોય તેવું લોકોમાં ચર્ચાતું જોવા મળી રહ્યું છે.

## સરકારી આદેશોની અમલવારી કરવામાં લાલિયાવાડી દાખવતા અધિકારીઓ : સખ્ત કાર્યવાહી જરૂરી

અમરેલી, તા. ૪

તારીખ ૨૭/૬/૨૦૨૩ ના રોજ નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, અમરેલી દ્વારા તાલુકા વિકાસ અધિકારી, અમરેલી પાસે જશવંતગઢ ગામે અનુસૂચિત જાતિના લોકો માટે સરકારે નીમ કરી ફાળવેલ ૧૦૦ ચોરસવારની મફત પ્લોટ માટેની જમીનમાં ગ્રામ પંચાયત અને અન્ય વ્યકિતઓ દ્વારા જેસીબી અને ટ્રેકટર વડે ગેરકાયદેસર માટી કાઢી, ઊંડા ખાડા કરી, માટીની ચોરી કરી સરકારી સંપદાને નુકસાન કરવા બદલ જવાબદાર લોકો સામે અત્યાર સુધીમાં આપની કચેરી દ્વારા શું કાર્યવાહી કરી તેનો અહેવાલ સાત દિવસમાં મોકલી આપવા પત્ર લખી જણાવેલ છે.

મુખ્યમંત્રીની કચેરી દ્વારા મહેસુલ વિભાગના મુખ્ય સચિવ, ગાંધીનગરને કાર્યવાહી કરવા માટે પત્ર લખેલ છે, પણ પત્ર કયાં પહોંચ્યો તેની કોઈ જ માહિતી નથી.

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષકને આ બાબતે કાર્યવાહી કરવા પત્ર લખી રજૂઆત કરવામાં આવતા તેઓની કચેરી દ્વારા અમરેલી તાલુકા (રૂરલ)પોલીસ સ્ટેશનમાં ફરિયાદ તપાસ માટે મોકલાઈ હતી જયાંથી ચિતલ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનમાં કોન્ટેબલ દ્વારા તપાસ કરી નિવેદનો લેવામાં આવેલ, ત્યાર બાદ તપાસમાં શું આગળ થયું તેના કોઈ જ વાવડ નથી.

અમરેલી તાલુકા વિકાસ અધિકારી દ્વારા નાયબ ટીડીઓ, વિસ્તરણ અધિકારી, તાલુકા પંચાયત અમરેલી અને તલાટી મંત્રી, જશવંતગઢનાઓની ત્રણ સભ્યોની ટીમ બનાવી જે ખોટું, બોગસ, હકીકતથી દૂર એવુ બનાવટી પંચનામું કરી જતી રહેલ.

જશવંતગઢ ગામના તલાટી મંત્રી જે જવાબદાર સરકારી નોકર છે, ગામમાં ગેરકાયદેસર માટી ખનન, માટીની ચોરી રોકવા માટે જેની જવાબદારી છે તેને જ તપાસ કમિટીના સભ્ય તરીકે લઈ અને તાલુકા વિકાસ અધિકારીએ સ્થળ વિઝીટ કરી કોઈપણ પ્રકારની કાર્યવાહી કે ઉપરી અધિકારીઓને સાચો રિપોર્ટ રજુ ન કરી પોતાની ફરજમાં બેદરકારી દાખવી પ્રથમથી જ ગુનામાં ઢાંક પીછોડો કરી આરોપીઓને છાવરવાનુ કૃત્ય કરેલ છે.

નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, અમરેલીએ તાલુકા વિકાસ અધિકારીને લખેલ પત્રના સાત દિવસ પુરા થવા છતાંય હજુ કોઈપણ જાતનો રીપોર્ટ રજુ કરેલ નથી, ઉપરી કલાસ વન અધિકારીઓ અને ઉચ્ચ આઈએએસ અધિકારીઓને જો આવા અધિકારીઓ કોઈપણ પ્રકારનો જવાબ આપતાં ન હોય તો સામાન્ય માણસના પત્ર કે રજુઆતમાં આ લોકો કેવોક જવાબ આપતાં હશે અને કેવી કાર્યવાહી સરકારી બાબુઓ કરતા હશે ?

## અમરેલીના નિર્માણાધીન તપોવન આશ્રમ ખાતે ગાયત્રી યજ્ઞ યોજાયો



અમરેલી, તા. ૪

'નિરાધારનો આધાર' સારહિ તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીનાં સંકલ્પ અનુસાર બની રહેલા, તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ થાય છે, તેમાં હરેશભાઈ રમણીકભાઇ માંગરોળીયાનાં સહપરિવારને યજ્ઞમાં બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરી હતી. ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટના બિપીનભાઈ ભરાડ, અતુલભાઈ જાનીએ વિધી કરાવેલ હતી.

### લાયન્સ કલબનાં માધ્યમથી

## અમરેલીની બહેરા મુંગા શાળા અને ગૌશાળા ખાતે સેવાકાર્ય

**સ્નેહિજનની યાદીમાં ઉમદા કાર્ય**



અમરેલી, તા. ૪

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનનાં માધ્યમથી લા.નનુભાઈ તળાવીયાનાં સ્વર્ગસ્થ સ્નેહિની યાદમાં બહેરા મુંગા શાળા ખાતે રૂા. ૨૬૦૦૦/– સહયોગ આપવામાં આવેલ. પાંચ ડબ્બા તેલ તથા વિદ્યાર્થી માટે એક માસ દુધની વ્યવસ્થા કરેલ. તેમજ કામધેનુ ગૌ શાળા ખાતે રૂા.૧૧૦૦૦/– ઘાસચારા માટે સહયોગ આપેલ. આ એક પ્રસંશનીય કાર્ય હતું. આ તકે લા. પ્રમુખ કૌશિક હપાણી, ખજાનચી રજનીકાંત ધોરાજીયા, લા. દિનેશભાઈ ભુવા, લા. રાજુભાઈ પરિખ, લા. જગદીશભાઈ તળાવીયા તથા અન્ય સદસ્યો દ્વારા આ કાર્યક્રમ સફળ બનાવેલ.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦























વ્રત નિમિત્તે...

ફરાળી વાનગીઓનો રસથાળ

ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા

ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો

નમક વગરની મોળી | બટેટા વેફર્સ | કેળા વેફર્સ

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫





શેરબજારમાં સતત પાંચમાં દિવસે તેજીનો ચમકારો

# શેરબજારની વિક્રમી આગેકૂચ જારી, બેન્ચમાર્ક ઇન્ડેક્સ નવા શિખરે

## સેન્સેક્સમાં ૨૭૪ પોઈન્ટનો ઊછાળો, નિફ્ટી ૧૯૪૦૦ના સ્તર નજીક પહોંચ્યો, એનબીએફસી સેક્ટરની કંપનીઓના શેરોમાં તેજી, એફએમસીજી અને ઓટો સેક્ટરના શેરમાં ઘટાડો

મુંબઈ, તા.૪

ભારતીય સ્થાનિક શેરબજારમાં મંગળવારે સવારથી જ તેજી જોવા મળી હતી, જે બજાર બંધ થયા પછી પણ ચાલુ રહી હતી. સેન્સેક્સ સતત ૫માં દિવસે વધતો રહ્યો અને ૨૭૪ પોઈન્ટના વધારા સાથે બંધ રહ્યો. જ્યારે નિફ્ટી પણ ૧૯૪૦૦ના સ્તરની નજીક બંધ રહ્યો હતો. એનબીએફસીસેક્ટરની કંપનીઓના શેરોમાં તેજી જોવા મળી હતી. તે જ સમયે, એફએમસીજી અને ઓટો સેક્ટરના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો.

સ્થાનિક શેરબજારમાં મંગળવારે તેજી નોંધાઈ હતી. બીએસઈસેન્સેક્સ ૨૭૪ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૬૫,૪૭૯.૦૫ પર બંધ થયો હતો. તે જ સમયે, નિફ્ટી ૬૬.૪૫ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકાના વધારા સાથે ૧૯,૩૮૯.૦૦ના સ્તર પર બંધ થયો હતો. જો કે, રોકાણકારો દ્વારા ભારે પ્રોફિટ-બુકિંગને કારણે ૧૩ મુખ્ય ક્ષેત્રીય સૂચકાંકોમાંથી ૮માં નુકસાન થયું હતુ. જૂન ક્વાર્ટરમાં નવી લોનમાં ૩૪%ની વૃદ્ધિ નોંધાવ્યા બાદ નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓએ ૮% સુધીનો ઉછાળો નોંધાવ્યો હતો.

મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસિસના રિટેલ રિસર્ચના વડા સિદ્ધાર્થ ખેમકાએ જણાવ્યું હતું કે ઈન્ડેક્સ હેવીવેઈટ્સમાં મજબૂત ખરીદી, જૂનમાં જીએસટીકલેક્શનમાં વધારો અને ચોમાસાનો અભાવ બજારમાં તેજી માટેના મુખ્ય પરિબળો છે. જોકે, વિશ્લેષકોએ પ્રોફિટ-બુકિંગ સામે સાવચેતી રાખી હતી.વ્યક્તિગત શેરોમાં, સહ-વિકસિત હાર્લી ડેવિડસન બાઈકના લોન્ચિંગ પર હીરો મોટોકોર્પ ૨% થી વધુ વધ્યો. જોકે, નવી હાર્લી એક્સ૪૪૦ તેના બજારહિસ્સામાં ઘટાડો કરશે તેવી આશંકાથી રોયલ એનફિલ્ડ બાઈકના નિર્માતા આઈશર મોટર્સ ૪% થી વધુ ઘટી ગઈ હતી. દરમિયાન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માલિકીની રિલાયન્સ જિઓએ રૂ. ૯૯૯ ની કિંમતનો ૪જી-ફીચર ફોન લોન્ચ કરવાની જાહેરાત કર્યા પછી ભારતી એરટેલના શેરમાં લગભગ ૩%નું ગાબડું પડ્યું. જ્યારે વોડાફોનનો શેર ૧.૩૨ ટકાથી વધુ તૂટ્યો હતો.સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૯ શેરો લીલા નિશાનમાં અને ૧૧માં નજીવો ઘટાડો થયો હતો. બજાજ ફાઈનાન્સ ૭.૨૨ ટકાના વધારા સાથે ટોપ ગેઈનર્સમાં હતું. જ્યારે, બજાજ ફિનસર્વે ૫.૬૩ ટકાનો વધારો નોંધાવ્યો હતો. ટેક મહિન્દ્રાના શેરમાં ૨.૫૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એ જ રીતે સન ફાર્મા, એનટીપીસી, ટાઈટન, વિપ્રો, ટીસીએસ, કોટક બેંક, ઈન્ફોસીસ કેમના શેરમાં ઉછાળો નોંધાયો હતો.માર્કેટ ઓવર બોટ પોઝિશનમાં હોવા છતાં શેરબજારમાં હવે રોજ નવા વિક્રમની તૈયારી ચાલતી હોય એવો માહોલ છે.શેરબજારના ઈતિહાસમાં સેન્સેકસ સત્ર દરમિયાન પહેલી વખત ૬૫,૬૭૦ની ઉપર અને નિફ્ટી ૧૯,૪૦૦ની ઉપર પહોંચ્યો હતો. એ જ સાથે બેંક નિફ્ટી પણ ૪૫,૬૫૦ ની વિક્રમી સપાટી વટાવી સહેજ પાછો ફર્યો છે! વિશ્વબજારમાં તેજી સાથે ખાસ કરીને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જોરદાર લેવાલીને કારણે શેરબજારમાં ધૂમ તેજીનું હવામાન દેખાઈ રહ્યું છે. અમેરિકાનો જીડીપી અચરજ ઉપજાવતો બે ટકાથી વધુ જાહેર થતાં મંદીનો ડર દૂર થયો હોવાથી વર્લ્ડ માર્કેટમાં તેજી આગળ વધી રહી છે.સ્થાનિકમાં જીએસટી કલેક્શન ચોથી વખત ૧.૬૦ લાખ કરોડ વટાવી ગયું છે અને ખાસ તો એફઆઈઆઈની લેવાલીનો એકધારો ટેકો મળી રહ્યો છે. વિદેશી ફંડોએ જૂનમાં લગભગ ૫૦,૦૦૦ કરોડની લેવાલી નોંધાવી છે.

અમેરિકાના ટેક્સાસમાં ગુરુ પૂર્ણિમાના અવસર પર એક ઐતિહાસિક કાર્યક્રમ

# યુએસમાં ૧૦,૦૦૦ લોકોએ એકસાથે ભગવદ ગીતાનો પાઠ કર્યો

વોશિંગ્ટન, તા.૪

યોગ સંગીતા અને એસજીએસ ગીતા ફાઉન્ડેશન દ્વારા ટેક્સાસના એલન ઈસ્ટ સેન્ટરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પહેલી વખત ૧૦,૦૦૦ લોકોએ એકસાથે ભગવદ ગીતાનો પાઠ કર્યો હતો. ભગવદ ગીતા પારાયણ યજ્ઞના શિર્ષક હેઠળ આયોજિત આ કાર્યક્રમના દ્રશ્યોએ લોકોને ભાવ વિભોર અને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ કાર્યક્રમ માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી. સ્ટેજ પર મોટી સ્ક્રીન પર મહાભારતનું દ્રશ્ય બતાવવામાં આવ્યુ હતુ. જેમાં ભગવાન કૃષ્ણ તેમના વિરાટ સ્વરૂપમાં અર્જુનને શ્રીમદ ભગવદ ગીતાનું જ્ઞાન આપતા નજરે પડ્યા હતા. મહાભારતના યુદ્ધ દરમિયાન ભગવદ ગીતાની રચના થઈ હતી. અર્જુને યુદ્ધ કરવાનો ઈનકાર કર્યો હતો ત્યારે ભગવાન કૃષ્ણે તેને કર્મ અને ધર્મના સાચા જ્ઞાન વિશે માહિતગાર કર્યો હતો. ભગવદ ગીતામાં કુલ ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક છે. ટેકસાસમાં યોજાયેલા ગીતા પાઠના આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શાળાના બાળકોએ ભાગ લીધો હતો.

યુએસમાં આ પ્રકારનો પ્રથમ કાર્યક્રમ હતો અને તેની પાછળનો હેતુ અમેરિકામાં લોકોને હિંદુ સંસ્કૃતિની સાથે ગીતા વિશે જાણકારી આપવાનો અને જાગૃતિ ફેલાવવાનો હતો. અમેરિકામાં ૩૦ લાખથી વધુ હિન્દુઓ રહે છે.

જેલમાં બંધ આસારામની મુશ્કેલી વધી

# હાઈકોર્ટે ૨૦૧૩ના કેસમાં આસારામની પત્ની અને પુત્રીને નોટીસ ફટકારી

અમદાવાદ, તા.૪

સગીરા પર રેપ કેસમાં જેલ જિંદગી કાપી રહેલો ભ્રષ્ટ અને રેપિસ્ટ આસારામના પરિવારની મુશ્કેલી વધી છે. ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૩ના રેપ કેસમાં આસારામની પત્ની, પુત્રી અને ત્રણ મહિલા શિષ્યોને નોટિસ ફટકારી છે. આ કેસમાં મહિલાઓને નિર્દોષ જાહેર કરવામાં આવી હતી, જ્યારે આસારામને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી પરંતુ હવે આ પાંચ મહિલાઓના છૂટકારા સામે દાખલ અપીલ પર તેમને નોટીસ આપવામાં આવી છે એટલે આ કેસ નવેસરથી શરુ થાય તો નવાઈ નહીં. જસ્ટિસ એ.વાય. જસ્ટિસ એ કે કોગજે અને જસ્ટિસ હસમુખ સુથારની ડિવિઝન બેન્ચે આસારામની પત્ની લક્ષ્મી અને પુત્રી ભારતી સહિત પાંચ મહિલાઓને નોટિસ ફટકારી હતી. કોર્ટે અપીલ દાખલ કરવામાં ૨૯વસના વિલંબની નોંધ લીધી હતી અને પાંચેય મહિલાઓને નોટીસ ફટકારી હતી.

૬ મે ૨૦૨૩ના દિવસે ગુજરાતના કાયદા વિભાગે ફરિયાદ પક્ષને આસારામની પત્ની-પુત્રીના છૂટકારા સામે અપીલ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. છોડી મૂકવામાં આવેલા ૬માંથી ૫ની સામે અપીલ દાખલ કરવામાં આવી છે. ફરિયાદ પક્ષની આ અપીલને ધ્યાનમાં લઈને હાઈકોર્ટે તેમને નોટીસ ફટકારી છે.

૨૦૧૩માં પૂર્વ મહિલા અનુયાયી દ્વારા દાખલ કરવામાં આવેલા બળાત્કારના કેસમાં આસારામને ૩૧જાન્યુઆરીએ ગાંધીનગરની અદાલતે આજીવન કેદની સજા ફટકારી હતી. પીડિતા ભાગી જાય તે પહેલાં અમદાવાદ નજીક મોટેરા સ્થિત આસારામના આશ્રમમાં ૨૦૦૧ થી ૨૦૦૭ ની વચ્ચે મહિલા પર અનેક વખત બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આસારામની પત્ની લક્ષ્મીબેન, પુત્રી ભારતી અને ચાર અનુયાયીઓ પર આ ગુનામાં મદદ અને ઉશ્કેરણી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પુરાવાના અભાવે કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા હતા પરંતુ હવે આ કેસ ફરી ઉઘડી શકે છે. ૨૦૧૩ની સાલમાં એક સગીરા પર રેપ કેસમાં દોષી ઠર્યા બાદ આસારામને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી અને હાલમાં તે રાજસ્થાનના જોધપુરની જેલમાં બંધ છે.

મહારાષ્ટ્રમાં રાજકીય મહાયુદ્ધ યથાવત

# મહારાષ્ટ્રમાં પવાર-શિંદે જૂથ વચ્ચે ખાતાની વહેંચણી મુદ્દે વિવાદ

## નવા નાયબ મુખ્યમંત્રી અજિત પવાર નાણાં વિભાગની માંગ કરી રહ્યા છે, પરંતુ આ માટે શિંદે જૂથ બિલકુલ તૈયાર નથી

મુંબઈ, તા.૪

મહારાષ્ટ્રમાં રવિવારથી શરૂ થયેલું રાજકીય મહાયુદ્ધ આજે પણ યથાવત્ જોવા મળી રહ્યું છે. અજિત પવારે શિંદે સરકારમાં નાયબ મુખ્યમંત્રી પદના શપથ લીધા બાદ શરદ પવાર તરફથી અજિત સહિત ૮ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટે અરજી દાખલ કરાઈ છે. ત્યારે અજિત સાથે જોડાયેલા ૨ ધારાસભ્યો શરદ કેમ્પમાં પરત ફર્યા છે. આ ઘટનાક્રમ વચ્ચે શરદ પવારે સાંસદ પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરેને પક્ષમાંથી હાંકી કાઢ્યા છે, તો અજિતે પણ નવી ટીમની જાહેરાત સાથે નવા ગઠબંધનની પણ જાહેરાત કરી દીધી છે. અજિત પવારે સુનીલ તટકરેને મહારાષ્ટ્રના પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા છે, તો અજિતે એનસીપી-ભાજપ-શિવસેનાના નવા ગઠબંધનનું નામ પણ મહાયુતી રાખ્યું છે. દરમિયાન આ બધી ઘટનાઓ વચ્ચે મહારાષ્ટ્રમાં વિભાગોના વિસ્તરણને લઈ વિવાદ સામે આવ્યો છે. મળતા અહેવાલો મુજબ અજિત પવાર અને શિંદે જૂથ વચ્ચે વિભાગની વહેંચણી મુદ્દે વિવાદ થયો હોવાનું સામે આવ્યું છે.

મહારાષ્ટ્રમાં મંત્રાલય વિસ્તરણને લઈ વિવાદ શરૂ થઈ ગયો છે. રાજ્યના નવા નાયબ મુખ્યમંત્રી અજિત પવાર નાણાં વિભાગની માંગ કરી રહ્યા છે, પરંતુ આ માટે શિંદે જૂથ બિલકુલ તૈયાર નથી. અજિત પવારે નાણાં વિભાગ ઉપરાંત ઉર્જા અને સિંચાઈ વિભાગની પણ માંગ કરી છે.

નવા નાયબ મુખ્યમંત્રી અજિત પવારે આવતીકાલે બેઠક યોજવાનો નિર્ણય કર્યો છે, તો શરદ પવાર તરફથી પણ આવતીકાલે બેઠક યોજવાની જાહેરાત કરાઈ છે. દરમિયાન અજિત પવારે તમામ એનસીપીસાંસદો, ધારાસભ્યો અને એમએલસી, જિલ્લા વડાઓ અને અન્ય સભ્યોને ૫ જુલાઈએ બેઠક માટે બોલાવ્યા છે. આ બેઠક એમઈટીબાંદ્રા ખાતે યોજાશે. બીજી તરફ શરદ પવારે પણ ૫ જુલાઈએ જ એનસીપીની બેઠક યોજવાનો મહારાષ્ટ્રનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે.

શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના ધારાસભ્ય સુનીલ પ્રભુએ વહેલી તકે નિર્ણય લેવાની માંગ કરતી અરજી દાખલ કરી છે. સુનીલ પ્રભુનું કહેવું છે કે કોર્ટે મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષને એકનાથ શિંદેના નેતૃત્વમાં બળવાખોર ધારાસભ્યો સામેની ગેરલાયકાતની અરજીઓ પર ઝડપથી નિર્ણય લેવાનો નિર્દેશ આપવો જોઈએ.

મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, હજુ સુધી તેમને ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટેની કોઈ નોટિસ મળી નથી. જો મામલો મારી પાસે આવશે તો નિયમ મુજબ કામ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, વિધાનસભાના અધ્યક્ષને વિપક્ષના નેતાની નિમણૂક કરવાનો અધિકાર છે અને અત્યાર સુધી કોઈએ દાવો કર્યો નથી. દરમિયાન અજિત પવારે ગઈકાલે ભાજપ-શિવસેના સાથે નવા ગઠબંધનના નામની જાહેરાત કરી છે. આ ગઠબંધનનું નામ 'મહાયુતિ' રાખવામાં આવ્યું છે. તો બીજીતરફ એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષના નામના પ્રશ્નના જવાબમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર - શં તમે ભૂલી ગયા છો કે, શરદ પવાર પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ છે.

ઉલ્લેખનિય છે કે, મહારાષ્ટ્રના રાજકારણમાં ચાલી રહેલ રાજકીય ડ્રામા હજુ અટક્યો નથી. રવિવારે મોટી ઉથલપાથલ બાદ એનસીપીના બંને જૂથ (શરદ અને અજીત) વચ્ચે શબ્દયુદ્ધ શરૂ થઈ ગયું છે. એક તરફ શરદ પવારની એનસીપીએ બળવાખોર નેતાઓ સામે કાર્યવાહી શરૂ કરી દીધી છે, તો બીજી તરફ એનસીપીપાર્ટી પર દાવો કરનારા અજિત પવાર જૂથે શરદ પવારના નજીકના લોકોને પદ પરથી હટાવી દીધા છે.

ઉલ્લેખનિય છે કે, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એ બળવાખોર ધારાસભ્યો સામે કાર્યવાહી કરીને તેમને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા છે. આ ધારાસભ્યોને કાઢી મૂકતા એનસીપીના મહારાષ્ટ્ર એકમના પ્રમુખ જયંત પાટીલે કહ્યું કે, પક્ષના પ્રતીકોનો ઉપયોગ કરવા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ દરમિયાન મહારાષ્ટ્રના એનસીપીના અધ્યક્ષ જયંત પાટિલે મોટો દાવો કરતાં કહ્યું કે શરદ પવાર જૂથને ૪૪ ધારાસભ્યોએ સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે. આ અહેવાલ અજિત પવાર માટે મોટા આંચકા સમાન સાબિત થઈ શકે છે. તેમણે કહ્યું કે જે લોકો છોડીને ગયા હતા તે પાછા આવી ગયા છે.

રાજ્યના ૩૪ તાલુકાઓમાં નોંધાયો વરસાદ

# ગીરસોમનાથના તાલાલામાં ૩ ઇંચ જેટલો વરસાદ નોંધાયો

## જામકંડોરણામાં ૨ ઈંચ વરસાદ અને મેદરડામાં પોણા બે ઈંચ વરસાદ, રાજુલામાં ૧.૩ ઈંચ, ઉપલેટામાં ૧ ઈંચ, ઉમરગામમાં ૧ ઈંચ તેમજ વાપીમાં પણ ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા.૪

રાજ્યનાં ૩૪ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. ત્યારે છેલ્લા ૧૨ કલાકમાં રાજ્યનાં અમુક તાલુકાઓમાં છુટો છવાયો વરસાદ પડ્યો હતો. જેમાં ગીર સોમનાથનાં તાલાલામાં ૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે જામકંડોરણામાં ૨ ઈંચ વરસાદ અને મેદરડામાં પોણા બે ઈંચ વરસાદ, રાજુલામાં ૧.૩ ઈંચ, ઉપલેટામાં ૧ ઈંચ, ઉમરગામમાં ૧ ઈંચ તેમજ વાપીમાં પણ ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

સ્થાનિક હવામાન વિભાગ દ્વારા તા.૬ જુલાઈથી વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થવાની આગાહી કરાઈ છે. અત્યારે હળવોથી મધ્યમ પ્રકારનો વરસાદ પડશે, પરંતુ નવી સિસ્ટમ સક્રિય થવાથી તા. ૬ જુલાઈથી મેઘરાજા રાજ્યમાં ફરી તોફાની બેટિંગ કરી શકે છે. હવામાન વિભાગે રાજ્યમાં ૫ દિવસ વરસાદની આગાહી કરી છે. આગામી ૫ દિવસ રાજ્યમાં વરસાદ રહેશે. ગુજરાતમાં આગામી ૬ તારીખથી વરસાદનું જોર વધશે. અમરેલીનાં ખાંભા શહેરમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે ખાંભામાં ૧ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. તેમજ દાઢીયાળી, ભાવરડી, ખડાધાર, પીંપળવા, ચતુરી તેમજ ખાંભામાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે ખાંભા પંથકનાં ગામડાઓમાં ખેતરોમાં પાણી ભરાયા હતા. ગીર સોમનાથ જીલ્લામાં વરસાદી માહોલ છવાયો હતો. તાલાળા શહેર અને ગીરનાં ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ છવાયો હતો. ત્યારે ધાવા, સુરવા, આકોલવાડી સહિતનાં ગોમામાં વરસાદ નોંધાયો હતો.

રાજકોટનાં લોધિકા તાલુકામાં ફરી વરસાદી માહોલ છવાયો હતો. જેમાં લોધિકાનાં કોઠા પીંપળીયામાં વરસાદી માહોલ છવાયો હતો. બે દિવસનાં વિરામ બાદ ફરી વરસાદી માહોલ છવાયો હતો.

અમરેલી જીલ્લાનાં સાવરકુંડલા, આંબરડી ગામની શેરીમાં નદીઓ વહેતી થઈ હતી. આંબરડી ગામે જળબંબાકારની પરિસ્થિતિ સર્જાઈ હતી. મીતીયાળા જંગલ નજીક હોવાથી આંબરડીની શેરીમાં નદીઓ વહેતી થઈ હતી.

ભાજપે આગામી લોકસભાની ચૂંટણીની તૈયારી શરુ કરી દીધી

# ભાજપ સંગઠનમાં ફેરફાર, ચાર રાજ્યના પ્રદેશ અધ્યક્ષ બદલાયા

## ભાજપે જી કિશન રેડ્ડીને તેલંગાણાના, ડી પુરંદેશ્વરીને આંધ્ર પ્રદેશના ભૂતપૂર્વ સીએમ બાબુલાલ મરાંડીને ઝારખંડના, સુનિલ જાખરને પંજાબના પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા

નવી દિલ્હી, તા.૪

ભાજપે આગામી લોકસભાની ચૂંટણીની તૈયારી શરુ કરી દીધી છે અને તેને લઈને સંગઠનમાં ઘણા મોટા ફેરફારો કર્યા છે. ભાજપે આજે એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને ચાર રાજ્યોના પ્રદેશ અધ્યક્ષ બદલ્યા છે. ભાજપે જી કિશન રેડ્ડીને તેલંગાણાના પ્રદેશ અધ્યક્ષ તરીકે, ડી પુરંદેશ્વરીને આંધ્ર પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે આ ઉપરાંત ભૂતપૂર્વ સીએમબાબુલાલ મરાંડીને ઝારખંડના પ્રદેશ અધ્યક્ષ, સુનિલ જાખરને પંજાબના પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. ગુજરાતના પ્રદેશ પ્રમુખ બદલવાની ચર્ચાએ જોર પકડ્યુ હતું જો કે આજે ગુજરાતના પ્રદેશ પ્રમુખની બદલવાની જાહેરાત થઈ નથી જેથી ભાજપ આગામી લોકસભાની ચૂંટણી પ્રદેશ પ્રમુખ પાટીલના જ નેતૃત્વમાં લડશે તેવા પૂરા સંકેત છે.

આ પહેલા ૨૮ જૂને મોડી રાત્રે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને પાર્ટીના સંગઠન મહાસચિવ બીએલ સંતોષ સાથે મુલાકાત કરી હતી. ત્યારથી માનવામાં આવી રહ્યું હતું કે આ બેઠકમાં સરકાર અને સંગઠનમાં મોટા ફેરબદલની ચર્ચા કરવામાં આવી હતી.

તાજેતરમાં કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ ભારતીય જનતા પાર્ટી પણ પોતાની ચૂંટણી પ્રબંધન સમિતિને મજબૂત બનાવવામાં વ્યસ્ત બની ગઈ હતી. ચૂંટણી વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ તરીકે રાજેન્દ્ર અટીલાની નિમણૂક કરવામાં આવી છે. આ દરમિયાન બિહારના સીએમ નીતિશ કુમારની પહેલ પર પટનામાં વિપક્ષી પાર્ટીઓએ એકતા બેઠક યોજીને મોદી સરકાર સામે મોરચો ખોલ્યો છે. બીજી તરફ રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત અનેક રાજ્યોમાં આગામી કેટલાક મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે ત્યારે પાર્ટી આ તમામ ઘટનાઓ પર ચાંપતી નજર રાખી રહી છે. કર્ણાટકની હાર બાદ ભારતીય જનતા પાર્ટીના ટોચના નેતાઓએ પોતાની રણનીતિ બનાવવાની કવાયત તેજ કરી દીધી હતી.

દિલ્હીની મહિલાના આક્ષેપ બાદ દહિયાને કરાયા હતા સસ્પેન્ડ

# સસ્પેન્ડ IAS અધિકારી ગૌરવ દહિયાને પરત લેવાયા

## ગુજરાત સરકારે ગૌરવ દહિયાને એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર તરીકે નિયુક્ત કર્યા છે

અમદાવાદ, તા.૪

સસ્પેન્ડેડ IAS અધિકારી ગૌરવ દહિયાને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. IAS અધિકારી ગૌરવ દહિયા ને પરત લેવામાં આવ્યા છે. ગૌરવ દહિયાની એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. મહત્વનું છે કે, દિલ્હીની મહિલાએ ગૌરવ દહિયા પર ગંભીર આક્ષેપો લગાવ્યા હતા. મહિલાના આક્ષેપ બાદ ગૌરવ દહિયાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ગુજરાત કેડરના IAS ગૌરવ દહિયા સામે દિલ્હીની લીનુ સિંઘ નામની એક મહિલાએ ગંભીર આક્ષેપો લગાવ્યા હતા. ગૌરવ દહિયાનો કેસ હાઈપ્રોફાઈલ અને બહુચર્ચિત હોવાથી પોલીસે આ કેસ અંગે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને જાણ કરી હતી. ત્યારબાદ રૂપાણીના આદેશથી ગુજરાત સરકારમાં ફરજ બજાવતાં ૩ મહિલા IASની એક તપાસ કમિટીની રચના થઈ હતી.

જેમાં આક્ષેપ લગાવનાર મહિલા લીનુ સિંઘે પોતાના નિવેદનો નોંધાવ્યા હતા. જે બાદ મહિલા IAS સુનયના તોમરે વિજય રૂપાણીને આ અંગે રિપોર્ટ સોપ્યો હતો. તપાસ સમિતિના રિપોર્ટના આધારે ગુજરાત સરકારે ઓગસ્ટ ૨૦૧૯માં તેમને સસ્પેન્ડ કરી દીધા હતા.તો બીજી તરફ ગૌરવ દહિયાના વકીલ દ્વારા દહિયા સામે થયેલા તમામ આરોપો ખોટા હોવાનું જણાવ્યું હતું. આ મામલે જુલાઈ ૨૦૨૦માં ગૌરવ દહિયાના વકીલે નિવેદન આપ્યું હતું કે, લીનુ સિંઘના તમામ આક્ષેપો કોર્ટમાં ખોટા પુરવાર થયા છે. જુલાઈ ૨૦૧૯માં ખોટી ફરિયાદ કરી હતી.ગૌરવ દહિયાના વકીલે જણાવ્યું હતું કે, લીનુ સિંઘે પૈસા પડાવવા માટે ફરિયાદ કરી હતી. ૨૦ કરોડ રૂપિયા અને દિલ્હીમાં મકાનની ડિમાન્ડ પૂરી ન થતા ષડ્યંત્ર રચ્યું હતું. વર્ષ ૨૦૧૫માં જ લીનુ સિંઘના કુલદીપ દિનકર નામના વ્યક્તિ સાથે લગ્ન થઈ ચૂક્યાં હતા. ત્યાર બાદ આ બંન્નેએ ભેગા મળી ગૌરવ દહિયાને ફસાવી અને પૈસા પડાવવા માટે કાવતરું ઘડ્યું હતું. ગાઝિયાબાદથી લીનુ સિંઘના મેરેજ ડોક્યુમેન્ટ પણ મળ્યા છે.

દિલ્હી હાઈકોર્ટે પણ આ કેસમાં લીનુ સિંઘ સામે લાલ આંખ કરીને પ્રીમા ફાસી એટલે કે હાલના તબક્કે ગૌરવ દહિયાને મોટી રાહત આપી હતી. આ ઉપરાંત કોર્ટે લીનુ સિંઘ અથવા તેમના સાથીઓ દ્વારા ફેલાવવામાં આવેલા અને ગૂગલ, ફેસબુક, ટ્વીટર જેવી વેબસાઈટ ઉપર ગૌરવ દહિયાને લગતા અને આ કેસને લગતા લખાણો, પોસ્ટ્સ અને કોઈ પણ પ્રકારના સાહિત્યને દૂર કરીને અથવા તે કન્ટેન્ટને બ્લોક કરી દેવાની સૂચના આપી હતી.

લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીને લઈને ભાજપમાં તડામાર તૈયારી

# મોદી કેબિનેટના તાજા વિસ્તરણમાં યુપીને પ્રાધાન્યની શક્યતા

## યુપી ક્વોટામાંથી જો મંત્રીઓની છટણી કરવામાં આવે તો ફરી બીજેપી દલિત, ઓબીસી અને બ્રાહ્મણના ચહેરા પર દાવ લાગી શકે છે

નવી દિલ્હી, તા.૪

લોકસભા ઈલેકશન ૨૦૨૪ને લઈને ભારતીય જનતા પાર્ટીની તૈયારીઓ જોરશોરમાં ચાલી રહી છે. સોમવારે નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રિપરિષદની બેઠક મળી હતી. જેમા આગામી ચૂંટણીને લઈને આગળની રાજનીતિ પર ચર્ચા થઈ. તો આ બાજુ કેન્દ્રીય મંત્રિમંડળના વિસ્તરણને લઈને પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં બીજેપીની નજર યુપી પર મંડાયેલી છે. એક માહિતી પ્રમાણે એવુ માનવામાં આવે છે કે જો મોદી કેબિનેટમાં વિસ્તરણ થશે તો યુપીને પ્રાધાન્ય આપવામાં આવશે. એટલે કેન્દ્રમાં યુપી ક્વોટામાં ફેરફાર થાય તેવી દેખાઈ રહ્યું છે.

લોકસભા ચૂંટણીને જોતા કેન્દ્રીય મંત્રિમંડળના વિસ્તરણને ખૂબ જરુરી માનવામાં આવે છે. મોદી મંત્રિમંડળમાં હાલમાં તો વિસ્તરણની કોઈ જરુર લાગતી નથી પરંતુ આવામાં કેટલાક મંત્રીઓને બહાર કાઢી નવા મંત્રીઓને સ્થાન આપવામાં આવે તેવી સંભાવના જોવા મળી રહી છે. યુપી કવોટામાંથી જો મંત્રીઓની છટણી કરવામાં આવે તો ફરી બીજેપી દલિત, ઓબીસી અને બ્રાહ્મણના ચહેરા પર દાવ લાગી શકે છે. અને તેમા વર્તમાન મંત્રીઓના માથે લટકતી તલવાર ખતરો બની શકે છે. ઉત્તર પ્રદેશમાંથી મહેન્દ્ર નાથ પાંડેય, અજય મિશ્રા ટેની સહિત ૪ મંત્રીઓની ખુરશી પર લટકતી તલવાર દેખાઈ રહી છે. પાંડેયનો વિભાગ ભારે ઉદ્યોગ પર શિવસેનાનો દાવો રહ્યો છે. યુપી ક્વોટામાં સંજીવ બાલિયાનનું કદ વધારી શકાય તેવી શક્યતા છે. પાંડેય અને ટેનીનું પત્તુ કપાઈ શકે છે. તો તેમની જગ્યા પર બ્રાહ્મણોને સ્થાનમ આપવામાં આવે તેવી શક્યતા છે જેમા લક્ષ્મીકાંત બાજપેયી અથવા હરીશ દ્વિવેદીને કેબિનેટમાં જગ્યા મળી શકે છે. બાજપેયી અને દ્વિવેદી બન્ને અત્યારે રાષ્ટ્રીય સંગઠનમાં કાર્યરત છે.

સાર્વત્રિક વરસાદ થતા જળાશયોમાં પાણીની સારી આવક થઈ

# ધાતરવડી-૨ ડેમ ઓવરફ્લો, નીચાણવાળા ૧૦ ગામને એલર્ટ કરાયા

## હાલ ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો છે અને લોકોને નદીકાંઠે ન જવા તાકીદ કરવામા આવી છે

અમરેલી, તા.૪

અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા જળાશયોમાં પાણીની સારી આવક થઈ છે. રાજુલા તાલુકામાં આવેલો ધાતરવડી-૨ ડેમ હાલ ઓવરફ્લો થયો છે. આથી ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો છે. અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં ૬ જેટલા જળાશયો ઓવરફ્લો થયા છે. ધાતરવડી-૨ ડેમ ઓવરફ્લો થતા નીચાણવાળા ૧૦ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. લોકોને નદીકાંઠે અવરજવર ન કરવા સૂચના આપવામાં આવી છે. રાજુલા તાલુકાના ખાખબાઈ, હિંડોરણા, કોવાયા, લોઠપુર સહિતના ગામોને એલર્ટ કરાયા છે.

અમરેલીના સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદને પગલે ફુલસર નદીમાં પૂર આવ્યુ છે. મેરીયાણામાં ધોધમાર વરસાદ બાદ હાલ ગામની ફુલસર નદી બે કાંઠે વહી રહી છે. સાવરકુંડલામાં બપોરના સમયે ભારે ઉકળાટ બાદ બાઢડા, મેરીયાણા, વીજપડી, ચીખલી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ગામના રસ્તા ધોવાયા છે અને માર્ગો પર પાણી ફરી વળતા બેટમાં ફેરવાયા હોય તેવા દશ્યો સર્જાયા છે.

### તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા

# બાબરામાં આગામી રવિવારે તેજસ્વી તારલાઓનું સન્માન

### સંતો, મહંતો અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે

બાબરા, તા. ૪

બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા આગામી તા. ૯/૭/૨૦૨૩ને રવિવારે સવારે ૯:૦૦ કલાકે શ્રી જલારામ મંદિર–બાબરા ખાતે તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તાપડીયા આશ્રમનાં મહંતશ્રી પૂજય ઘનશ્યામદાસબાપુ, ગુરૂશ્રી દયારામબાપાનાં અધ્યક્ષ સ્થાને તથા અતિથી વિશેષ જનકભાઈ તળાવીયા ધારાસભ્યની ખાસ ઉપસ્થિતિ રહેશે. સભાના ઉપાધ્યક્ષ અને વિદ્યાર્થી સન્માન સમારોહનાં મિષ્ટ ભોજનનાં આજીવન દાતા પ.પૂ. મણીરામબાપા, ગુરૂશ્રી દયારામબાપા, બાપાસિતારામ આશ્રમ–હડાળાનો સહયોગ કાયમ બાબરા તાલુકા મંડળને મળતો રહે છે.

અમરેલી જિલ્લા રામાનંદી સાધુ સમાજનાં ઉપપ્રમુખ અને તાલુકા મંડળનાં મંત્રી પ્રતાપભાઈ એલ. દેવમુરારીનાં સીધા માર્ગદર્શનથી છેલ્લા ૧૨ વર્ષથી સફળ આયોજન કરવામાં આવે છે. આ સમારોહમાં રાજય મંડળનાં હોદ્દેદારો, જિલ્લા મંડળનાં હોદ્દેદારો, તાલુકા મંડળનાં હોદ્દેદારો તથા બાબરા તાલુકાનાં જ્ઞાતિભાઈઓ–બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

બાબરા શહેર તથા તાલુકાનાં ઉદ્યોગપતિઓમાં રમજાનભાઈ જીવાણી, સીરાજભાઈ એસ. ગાંગાણી, સતારભાઈ સૈયદ, શૌકતભાઈ બી. ગાંગાણી, હસુભાઈ એન. રાજપોપટ, ગોવિંદભાઈ કે. બાવળીયા, અનિલભાઈ (નકુભાઈ) એ. જીવાણી, સાજદીનભાઈ એસ. ગાંગાણી, અનિલભાઈ એ. દસાલાણિયા, દિનેશભાઈ એલ. સુરાણી, નરૂભાઈ એચ. ત્રિવેદી, વિનયભાઈ એમ. પાટીદાર, અજયભાઈ એન. આદ્રોજા, પ્રકાશભાઈ સોની, અજીતભાઈ વી. ખોખરીયા, દિપકભાઈ અકબરી, અશ્વિનભાઈ એ. ટાઢાણી, મધુભાઈ વી. કુંભાણી, પ્રવિણભાઈ સિધ્ધપુરા તથા બાબરા તાલુકા મંડળનાં કાર્યકરોનો જુસ્સો વધારશે.

આ કાર્યક્રમમાં હાજર રહેલા તમામ વિદ્યાર્થી ભાઈ–બહેનોને પ્રવિણભાઈ આર.કુબાવત તરફથી ફુલસ્કેપ ચોપડા તથા નોટબુક આપવામાં આવશે.

વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટેનાં શિલ્ડ તથા પ્રમાણપત્ર રાજુભાઈ મોહનદાસભાઈ કુબાવત તરફથી આપવામાં આવશે.આ સન્માન સમારોહ કાર્યક્રમને સફળ બનાવવા અમરાપરા–બાબરા શહેર યુવા પાંખનાં પ્રમુખ જનકભાઈ અગ્રાવત, મંત્રી જીતુભાઈ નિમાવત, તથા કાર્યકરો કાર્યક્રમને સફળ બનાવવા તડામાર તૈયારી કરી રહ્યાં છે.

તાલુકા મંડળનાં પ્રમુખ, ઉપપ્રમુખ, ખજાનચી તથા સભ્યો તમામ જ્ઞાતિભાઈઓ તથા આમંત્રિત તમામને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવે છે.

## લીખાળા ગામે ગુરૂપૂર્ણિમાની ઉજવણી



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા તાલુકાનાં લીખાળા ગામે ગુરૂપૂર્ણિમા નિમિત્તે આખા ગામમાં ગ્રામજનો તેમજ બાળકો, માતાઓ, બહેનો સહિત આગેવાનોની ઉપસ્થિતિમાં આખા લીખાળા ગામમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી અને ગુરૂપૂર્ણિમા નિમિત્તે બાળકોને બટુક ભોજન પણ કરાવ્યું હતું. એમ ખડસલીથી અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### ચુંવાળીયા કોળી સમાજ દ્વારા આસ્થાભેર

# રાજુલા ખાતે સંત વેલનાથ બાપુનાં નવનિર્મિત મંદિરે ફોટો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

### સંતો, મહંતો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૪

રાજુલા ખાતે તા. ૨૯ જુનનાં રોજ રાજુલા શહેર તથા ગ્રામ્ય વિસ્તારનાં ચુંવાળીયા કોળી ઠાકોર તેમજ સમસ્ત આગેવાનોનાં સહયોગથી હિંડોરણ ચોકડી, પૂ. જલારામબાપાના મંદિર સામે, સંત વેલનાથબાપુનાં નવનિર્મિત મંદિરે ફોટો પધરામણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. તેમાં આ ધાર્મિક પ્રસંગમાં સંતોનાં સામૈયા, ભવ્ય શોભાયાત્રા, ફોટો પ્રતિષ્ઠા, સાધુસંતો તથા મુખ્ય મહેમાનો તથા સમાજની મહિલા અગ્રણીઓનો સ્વાગત કાર્યક્રમ તેમજ મહાપ્રસાદ તથા ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે પધારેલા સંતોમાં સંજયબાપુ જૂનાગઢ, ગજાનંદબાપુ ખુટવડા, કેશવદાસબાપુ હીંડોરણા, જગન્નાથબાપુ–બાબાપુર તથા વિશાળ સંખ્યામાં સંત સમુદાય તથા અમરેલીનાં આમંત્રિત મહેમાનો ભનુભાઈ થળેસા (ફોજી), ધીરૂભાઈ મકવાણા, અજીતભાઈ મકવાણા, અજીતભાઈ માલનીયા, બચુભાઈ પીલુકીયા, બાબરા ખાતેથી નટુભાઈ જાસલીયા, ભુપતભાઈ પંચાસરા, મુળજીભાઈ, સા.કુંડલાથી વલ્લભભાઈ ઝીંજુવાડીયા, હસુભાઈ ચાવડા અને લીલીયાથી મનસુખભાઈ જાસલીયા તથા પાલીતાણાથી અનીલભાઈ પરમાર ઉપસ્થિત રહેલ.

આ ધાર્મિક કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને વલ્લભભાઈ ઝીંજુવાડીયા–ગોપી જેમ્સ મુંબઈ દ્વારા શિક્ષણ, સમાજ સંગઠન, કુરિવાજોને તીલાંજલી અને મહિલા સશકિતકરણ ઉપર ભાર મુકેલ.

મુખ્ય મહેમાન તરીકે અનીલભાઈ પરમાર–પાલીતાણા દ્વારા ફોટા સહયોગ તથા સંતનાં જન્મથી લઈને સિધ્ધી અને સમાજને આપેલ ઉપદેશ અંગે વિસ્તૃત માર્ગદર્શન મળેલ. સા.કુંડલાનાં મહેમાનોમાં જીનભાઈ કલાણીયાએ પ્રાસંગિક અને ધાર્મિક તથા સામાજિક એકતા અને સંગઠનના સહયોગથી અનેક પ્રકારના કાર્યોના દ્રષ્ટાંત આપેલ. તેમજ હસુભાઈ ચાવડા દ્વારા જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ તથા વિદ્યાર્થીઓ માટે તાલુકા અને જિલ્લા કક્ષાએ સંસ્થાઓ અને વિદ્યાર્થીઓનાં હેતુલક્ષી અભ્યાસક્રમો માટે માર્ગદર્શન આપેલ.

બાબરાથી પધારેલ નટુભાઈ જાસલીયા દ્વારા હોંશીયાર વિદ્યાર્થીઓને આગળ વધવા અને વિદેશ અભ્યાસ માટે તેઓનાં ઓસ્ટ્રેલિયા સ્થિત નાનાભાઈ જીતુભાઈ શિક્ષણ માટે કોઈપણસમયે સહયોગ આપવાની ખાત્રી સાથે જાહેર પરીક્ષાઓ વર્ગ–૩ થી ૧ સુધીનાં અધિકારીની પાત્રતા માટે તમામ સહયોગ આપવા સમાજને પ્રોત્સાતિ કરવામાં આવેલ. અમરેલીથી પધારેલ ધીરૂભાઈ મકવાણાએ ૨૦૧૫માં રાજય માટે ૪૦ જ્ઞાતિની વિચરતી વિમુકત જાતિનાં નિગમની પ્રવૃતિ વિદ્યાર્થીઓના આગળ અભ્યાસક્રમ માટે આ નિગમ માટે રૂા.૫૦,૦૦૦/–ની સહાય તથા આવાસ વ્યવસાય અને શિક્ષણ પ્રત્યે શિક્ષણનાં લાભો મેળવવા વિ.વિ. જાતિનું પ્રમાણપત્ર મેળવવા તથા આ અંગેનું માર્ગદર્શન અને શિક્ષણથી જે સમાજોએ હરણફાળ ભરીને સિધ્ધી મેળવેલ તેવું દ્રષ્ટાંત આપેલ. આ વિસ્તારનાં સ્થાનિક ધારાસભ્ય હિરાભાઈ સોલંકીનાં કાર્યાલયનાં પી.એ. ચૌહાણ દ્વારા ટ્રસ્ટ તેમજ મંદિર વિકાસ માટે જરૂરી ગ્રાન્ટ અને સહયોગ આપવા જાહેરાત કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા અને સન્માનીત કરવા સર્વ રવજીભાઈ પરમાર, રસીકભાઈ ચનીયારા, દડુભાઈ, ભુપતભાઈ સરપંચ, રાજુભાઈ ચનીયારા, લાલજીભાઈ મકવાણા, પુંજાભાઈ વકીલ, ભરતભાઈ વાઘેલા, પુનાભાઈ પરમાર, હકાભાઈ, મગનભાઈ, ધીરૂભાઈ ગેરેજવાળા, રણછોડભાઈ કુંભારીયા, નાથાભાઈ હીમાસીયા, લાલજીભાઈ, નિવૃત પી.એસ.આઈ. તેમજ વેલનાથ મંદિર સંચાલન કમિટી તેમજ મહિલા સત્સંગ મંડળ દ્વારા સંપૂર્ણ સહયો સાથે પ્રસંગને દીપાવેલ. આ પ્રસંગે આભારવિધિ નિવૃત પી.એસ.આઈ. શંભુભાઈ રંજોળીયા દ્વારા કરવામાં આવેલ. તેવું ધીરૂભાઈ મકવાણા અમરેલી તથા નટુભાઈ જાસલીયાની યાદી જણાવેલ છે.

## સાવરકુંડલા APMCના પૂર્વ ડિરેક્ટર શ્યામ રૂપારેલનો આજે જન્મદિવસ



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલાના અગ્રણી ઓઈલ મિલર અને અમરેલી પીપલ્સ ક્રેડિટ કો.ઓ. સોસાયટી સાવરકુંડલા શાખાના ડીરેકટર, સાવરકુંડલા APMCના પૂર્વ ડિરેકટર, રઘુવંશી યુવા અગ્રણી એવા શ્યામ રૂપારેલનો આજરોજ જન્મ દિવસ છે. તેઓ યશસ્વી જીવનનાં ૩૫ વર્ષ પુરા કરી ૩૬માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. મિલનસાર સ્વભાવ ધરાવતાં શ્યામ રૂપારેલ બહોળો મિત્ર વર્ગ ધરાવે છે. તેમના મોબાઈલ નં. ૯૮૭૯૩ ૬૨૭૭૭ ઉપર મિત્રો, શુભેચ્છકો તરફની શુભેચ્છા વરસી રહી છે.

## અમરેલી : વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી



અમરેલી, તા. ૪

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભીડભંજન મહાદેવનાં પૂજારીશ્રી શુભાશગીરી ગૌસ્વામીનું તથા ભક્તોનું કાલેણા, હર્શભાઈ મકવાણા, હાર્દિકભાઈ મેઘાણી, ખુશાલભાઈ સોલંકી, હિતેશભાઈ સહિતનું વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે હનુમાન ચાલીસાનાં પાઠ દર શનિવારે કરવામાં આવે છે.

વિશ્વ હિન્દુ પરિષદનાં જીલ્લા અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા, સૌરાષ્ટ્ર પ્રાંત ઉપાધ્યક્ષ હંસાબેન મકાણી, જીલ્લા ઉપાધ્યક્ષ રશ્મિનભાઈ ત્રિવેદી, માતૃશકિત સંયોજક રમીલાબેન પટોળિયા, જીલ્લા દુર્ગાવાહિની સંયોજીકા સેજલબેન સાંગાણી, ધર્મમઠ મંદિર સંપર્ક પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડ વગેરેએ ખાસ હાજરી આપી હતી.

## સા.કુંડલા : બાપાસીતારામ મઢુલી ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલામાં મુકતેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ બાપા સીતારામની મઢુલી ખાતે ગુરૂપૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.સાવરકુંડલામાં મહુવારોડ ખાતે મુકતેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ બાપાસીતારામની મઢુલીએ બાપા સીતારામ મંડળ અને ચેતન હનુમાનજી મંડળ દ્વારા છેલ્લાં ૩૦ વર્ષથી ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ બાપા સીતારામ મંડળ અને ચેતન હનુમાનજી મંડળ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકોએ પ્રસાદનો લ્હાવો લીધો હતો તેમજ આ મંડળ દ્વારા રામ નવમી,જન્માષ્ટમી, ગુરૂપૂર્ણિમા સહિતના દરેક ધાર્મીક ઉત્સવોની ઊજવણી કરવામાં આવે છે.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## ચાવંડ પ્રા.આ.કે. દ્વારા કેરીયા અને નાના રાજકોટ ગામે રકતદાન કેમ્પનું આયોજન



ચાવંડ, તા. ૪

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાવંડ દ્વારા તા. ૧/૦૭/૨૩નાં કેરીયા અને નાના રાજકોટ ગામે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ અંતર્ગત નાનાં એવા ગામોમાંથી કુલ ૨૭ યુનિટ નાના બ્લડ કલેકટ કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૨૨–૨૩માં કુલ ૧૨ ગામમાંથી ૮૦૯ યુનિટ બ્લડ એકત્રિત કરી જીલ્લા બ્લડ બેન્કને આપવામાં આવ્યું હતું. ચાલુ વર્ષમાં આ કેમ્પ સહિત ૨૧૧ બ્લડ યુનિટ કલેકટ કરવામાં આવેલ છે. વધતી જતી રકતની જરૂરિયાતને લઈને કેન્દ્રનાં મે.ઓ. મુકેશસિંહએ ગામોમાં પ્રચાર કરીને લોકોને રકતદાન કરવાથી થતાં ફાયદાઓ વિશે માહિતી આપવામાં આવે છે. અને રકતદાતાઓ વધુમાં વધુ રકતદાન કરે તેવી અપીલ કરવામાં આવે છે. અમરેલી જિલ્લાની સગર્ભાબહેનને ડીલેવરી સમયે તેમજ થેલેસેમિયાનાં દર્દીને અકસ્માતમાં યોગ્ય સમયે બ્લડ મળી રહે તે માટે ટીમ ચાવંડ હંમેશા કટીબધ્ધ છે.

## બગસરામાં રાજુભાઈ માંડવીયાનાં ગુરૂ સ્થાનેથી ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૪

બગસરામાં રાજુભાઈ માંડવીયાના ગુરૂ સ્થાનેથી ગુરૂપૂર્ણિમાની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સવારે ગુરૂ પૂજન, અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ દેશ–વિદેશથી આવતા તેમના શિષ્યો દ્વારા ગુરૂજનોને નમન પૂજા કરવામાં આવી હતી. આ તકે સોરઠીયાવાડી શિવાજી ચોક ખાતે રાજુભાઈ માંડવીયાનું સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બગસરાવાસીઓ તેમજ આસપાસના લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બગસરાના નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રશ્મિનભાઈ ડોડીયા, કાંતિભાઈ સતાસિયા, એ.વી. રીબડીયા, નટુભાઈ ભુપ્તાણી, એડવોકેટ જે.બી. કિકાણી, યશવંતભાઈ સોમાણી, શિવલાલ ઠુંમર વગેરે કાર્યકર્તાઓ, આગેવાનો તેમજ ભકતજનો બહોળી સંખ્યામાં જોડાયા હતા અને રાજુભાઈ માંડવીયાનું શાલથી સન્માન કરવામાં આવ્યું હતું.

## શાહુજી સવાઈ સંપ્રદાયનાં ગુરૂજી ભાઈલાલ કાકાનો ગુરૂપૂર્ણિમા મહોત્સવ સંપન્ન



અમરેલી, તા. ૪

અષાઢ સુદ પૂનમ એટલે ગુરૂપૂર્ણિમા. ભારતભરમાં ગુરૂ પૂનમનો ઉત્સવ ખૂબ જ ધૂમધામથી ઉજવાય છે. નકલંક ધામ વિરોદમાં પણ પરમ પૂજય ગુરૂવર્ય ભાઈલાલભાઈ વશરામભાઈ ધાનાણીની ગુરૂપૂર્ણિમાનો ભવ્ય કાર્યક્રમ ખૂબ શાંતિ પૂર્વક સંપન્ન થયો.

વહેલી સવારે બ્રહ્મમુહૂર્તમાં પૂ. ગુરૂજીનાં હાથે નાના મોટા સર્વે ધર્મીઓએ સફેદ વસ્ત્રમાં દેવ દર્શનનો લાભ લીધો. ત્યારબાદ પારિજાતનાં પવિત્ર સાત છોડનાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરીને ધાર્મિક કાર્યની સાથે સાથે પર્યાવરણનું જતન કરવાનો સંદેશો પૂજય ગુરૂવર્ય ભાઈલાલ કાકાએ દરેક ધર્મીઓને આપ્યો. ત્યારબાદ ગુરૂપૂજનમાં પૂ. ગુરૂજી તથા ગુરૂ માતાનાં ચરણ કમળનું પૂજન કરીને સૌએ આરતીનો લાભ લીધો. તેમજ ૩૭ પ્રદક્ષિણા કરી. ત્યારબાદ વેદ વાણીમાં પૂજય ગુરૂજીએ દુનિયાની ચિંતા વ્યકત કરતાં કીધું દુનિયામાં મોટો કેર આફત આવી રહી છે. ધર્મીઓ દુનિયાની વાડ છે. દુનિયાનું રક્ષણ કરવાનું કામ આપણે ધ્યાન માળા ભજન કરીને કરવાનું છે. દરેક ધર્મીઓએ ૧૧ માળા કરીને સમગ્ર દુનિયામાં સુખ શાંતિ બની રહે તે માટેની પ્રતિજ્ઞા લીધી છે. સાથે સાથે ગામો ગામ જે મુખીઓ મંદિર સંભાળે છે. તેઓને પણ એક સાથે બેસાડી તેમનું પૂજન કરીને તેમની પણ પ્રદક્ષિણા કરીને ભકિતમય વાતાવરણ ઉભુ થયું હતું.

પૂજય ગુરૂજી અને ગુરૂ પૂનમનાં શુભ દિવસે સૌને સુખ, શાંતિ અને તંદુરસ્તી મળે તેવા શુભ આશિષ આપ્યાં.

# અમરેલીનાં સરસ્વતી વિદ્યામંદિરમાં વિદ્યાર્થીનીઓ દ્વારા ગૌરીવ્રતની ઉજવણી



અમરેલી જિલ્લામાં શિક્ષણ અને શિસ્ત અને રાષ્ટ્રભકિતથી ભરપૂર અને વિવિધ પ્રવૃત્તિ દ્વારા અપાતા શિક્ષણમાં સદાઅગ્રેસર સરસ્વતી વિદ્યામંદિર શાળાની પ્રવૃત્તિ દ્વારા અપાતા શિક્ષણ સમારંભમાં અમરેલી લોકસાહિત્ય સેતુના કારોબારી સદસ્યો સાથે પહોંચી ગયા. ગુરૂપૂર્ણિમા અને ગૌરીવ્રતની સયુકત ઉજવણીના આયોજનમાં સંસ્થાના સંચાલક, બાળપ્રેમી વિજયભાઈ મહેતાએ પધારેલ સહુ આમંત્રીતોનું શાબ્દિક સ્વાગત પ્રવચન આપી હૃદયની લાગણી બતાવી. પ્રારંભમાં પધારેલ લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષી, ઉપપ્રમુખ ગોવિંદભાઈ ગોંડલીયા, ખજાનચી હસુભાઈ જોષી, મહેન્દ્રભાઈ શુકલ, પંકજભાઈ જોષીનું શાલ તેમજ ગીફટથી ભવ્યાતિભવ્ય સન્માન કર્યુ. પ્રસંગની ગરીમા વધારવા અને બાળકો અને શિક્ષક સ્ટાફના સમર્પિતભાવને બીરદાવવા, ગુરૂવંદના, પ્રસંગોચિત વાર્તા, બાલગીતોથી સર્વ ગોવિંદભાઈ ગોંડલીયા, હસુભાઈ જોષી, મહેન્દ્રભાઈ જોષીએ પોતાની આગવી શૈલીમાં રજૂઆત કરી સહુને ભારે આનંદ કરાવ્યો. આજના કાર્યક્રમમા વિદ્યાભારતી ટ્રસ્ટના જયંતીભાઈ પટોળિયા, મનસુખભાઈ માગરોળિયા, કવિ કનુભાઈ લીબાસીયા ખાસ ઉપસ્થિત રહી સહુની આ રૂડી પ્રવૃત્તિને બીરદાવી દિકરીઓ દ્વારા તૈયાર કરેલ ગોર્યમાના પૂજન આશિર્વાદનો લાભ લીધેલ. આભારદર્શન અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળા સ્ટાફે

# અમરેલીનાં લાઠી રોડ ફાટક પાસે શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન




અમરેલીના લાઠી રોડ ફાટક પાસે આવેલ અટલ પાર્ક પર શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન થયું હતું. અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા રીબીન કાપી પાર્લરનું ઉદ્‌ઘાટન કરાયું હતું. આ તકે શીતલ આઈસ્ક્રીમના મેનેજિંગ ડાયરેકટર દિનેશભાઈ ભુવા, નગરપાલિકાના કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, સુધરાઈ સભ્ય નિલેશભાઈ ધાધલ, જયસુખભાઈ દેસાઈ, કેવલભાઈ ભુવા, યસભાઈ ભુવા, જીતુભાઈ મિસ્ત્રી, ભરતભાઈ સાવલિયા, મનોજભાઈ છાંટબાર, યશભાઈ મસરાની, બાવકુભાઈ પ્રજાપતિ, મગનભાઈ સાવલિયા તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. તેવું શીતલના ફ્રેન્ચાઈઝી હેડ નીરજભાઈ ત્રિવેદીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી–લીલીયા માર્ગને ફોરલેન

અન્વયે આ અમરેલી–લીલીયા રોડને ફોરટ્રેક મંજુર કરાવતા કૌશિક વેકરીયા.

આ રોડ માત્ર પંદર દિવસમાં જ કૌશિક વેકરીયાએ મંજુર કરાવેલ છે. આ રોડનાં રહીશોની વર્ષો જુની માંગણી હોય આ રોડ ફોરલેન બનાવવાની રજુઆત જયેશ ટાંક ધ્વારા કરવામાં આવતા માત્ર પંદર દિવસમાં જ આ રોડ કૌશિક વેકરીયા ધ્વારા સરકારમાંથી મંજુર કરાવવામાં આવેલ છે. તેમજ કૌશિક વેકરીયા ધારાસભ્ય તરીકે ચુંટાયા પછી અમરેલી વિધાનસભા વિસ્તારની અદર આ રોડની સર્વ પ્રથમ મંજુરી મળેલ હોય આ વિસ્તારનાં લોકોમાં હર્ષની લાગણી ફેલાયેલ છે.

આ રોડ મંજુર થતા આ શહેરની અંદર આવતા વાહનો જેવા કે ફ્રુટ, શાકભાજીના વાહનો અમરેલી માર્કેટીંગ યાર્ડમાંથી અમરેલીનાં વેપારીઓ ધ્વારા ખરીદી કરેલ જણસીનાં વાહનો તેમજ અમરેલી શહેરમાંથી આ રોડ પર આવેલા અન્ય શહેરોમાં જતા વાહનોને ખૂબ જ અનુકુળતા ભર્યુ રહેશે. તેમજ આ રોડ ફોરલેન બનતા આ વિસ્તારનો સામાજીક અને આર્થિક વિકાસ પણ થશે.

આ રોડ આર.સી.સી. મંજુર કરેલ હોય આસપાસના રહીશો તેમજ લોકોને ખૂબ જ સરળતા રહેશે. આ રોડ લીલીયા–ગારીયાધાર– પાલીતાણા તરફ જતો ખૂબ જ ટ્રાફીકવાળો રોડ છે. હવે આ રોડ ફોરલેન બની જતાં આ ટ્રાફીક સરળતાથી ચાલી શકશે અને આ રોડનાં રહીશોને પણ ખૂબ જ અનુકુળતા રહેશે.

આ રોડ કૌશિક વેકરીયા ધ્વારા સફળ રજુઆતનાં કારણે મંજુર થતાં આ રોડનાં રહીશો ધ્વારા હર્ષની લાંગણી અને કૌશિક વેકરીયાનો ખૂબ ખૂબ હૃદયપૂર્વક આભાર વ્યકત કરતા આ વિસ્તારનાં લોકો જયેશ ટાંક, હરીભાઈ કાબરીયા, ચિરાગ ચાવડા, આસ્થાબેન ઝાલાવાડીયા, સંજયભાઈ માલવીયા, દીલીપભાઈ વઘાસીયા, પંકજભાઈ વઘાસીયા, પ્રકાશભાઈ લહેરી, સાંગાણીભાઈ, કનુભાઈ પટેલ, કાંતીભાઈ વેકરીયા ધ્વારા કૌશિક વેકરીયાનો આભાર વ્યકત કરેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૧૫ | ૧૪૫૮ |
| ૨ | તલ સફેદ | ૨૩૧૨ | ૨૩૧૨ |
| ૩ | શીંગ દાણા | ૧૬૮૧ | ૧૬૮૧ |
| ૪ | મેથી | ૧૦૦૧ | ૧૦૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૯૦ | ૧૪૩૫ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૫૦૫ |
| ૩ | શિંગદાણા | ૧૫૬૫ | ૨૧૦૦ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૪૪૦ | ૨૧૨૧ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૩૧૫૧ |
| ૬ | તલ કાળા | ૧૫૦૦ | ૩૧૧૨ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૨૨ | ૩૨૯૫ |
| ૮ | બાજરો | ૪૧૦ | ૪૯૭ |
| ૯ | જુવાર | ૬૭૫ | ૧૧૨૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૯૯ | ૫૨૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૫૯ | ૪૭૪ |
| ૧૨ | મકાઈ | ૪૬૬ | ૫૨૩ |
| ૧૩ | અડદ | ૫૦૦ | ૧૮૭૦ |
| ૧૪ | ચણા | ૬૧૭ | ૯૮૦ |
| ૧૫ | ચણા દેશી | ૬૦૦ | ૧૦૨૫ |
| ૧૬ | તુવેર | ૭૦૦ | ૧૭૧૨ |
| ૧૭ | કપાસ | ૯૬૧ | ૧૪૮૦ |
| ૧૮ | એરંડા | ૧૦૧૦ | ૧૧૭૨ |
| ૧૯ | જીરૂ | ૧૦૬૦૦ | ૧૦૬૦૦ |
| ૨૦ | ધાણા | ૧૧૪૫ | ૧૨૯૯ |
| ૨૧ | ધાણી | ૧૧૭૧ | ૧૩૫૦ |
| ૨૨ | મેથી | ૯૩૦ | ૧૨૮૮ |
| ૨૩ | સોયાબીન | ૮૦૦ | ૯૫૪ |

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલા શહેરમાં સવારે ૮ થી

પરથી કાયમી ધોરણે પસાર થવું.

મહુવા તરફથી આવતા અને ચલાલા–ધારી, વિસાવદર, બગસરા, જૂનાગઢ તરફ જતા ભારેથી અતિ ભારે વાહનોએ મહુવા તરફથી આવતા બાયપાસ પરથી પ્રવેશ લઈ, હોમગાર્ડ કચેરી પાસેથી ડાબી તરફ ટર્ન લઈને નેસડી રોડથી કાયમી ધોરણે જવાનું રહેશે.

જયારે ચલાલા તરફથી આવતા અને મહુવા, રાજુલા, પીપાવાવ, જાફરાબાદ જતા ભારેથી અતિભારે વાહનોએ નેસડી રોડથી સાવરકુંડલા શહેરમાં પ્રવેશ લઈ, હોમગાર્ડ કચેરી પાસેથી જમણી તરફ ટર્ન લઈ મહુવા તરફ કાયમી ધોરણે પસાર થવાનું રહેશે.

આ હુકમમાંથી સરકારી ફરજ પરના વાહનો, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડના વાહનો, સ્કૂલ બસ, એસ.ટી. વિભાગના વાહનો, પેટ્રોલ–ડીઝલના ટેન્કોરને મુકિત આપવામાં આવી છે.

આ હુકમ અંગે કોઈને વાંધા કે સૂચનો હોય તો તેમણે આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી દિન–૩૦માં તેમના વાધા કે સૂચનો જિલ્લા કલેકટર અને મેજિસ્ટ્રેટની કચેરી, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી, પીન નં–૩૬૫૬૦૧ને મળી જાય તે રીતે મોકલાવવાના રહેશે. ત્યારબાદ મળેલા સૂચનો કે વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહીં. આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તા.૩૦ જુન, ૨૦૨૩ છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **અરમાનભાઈ મુનાફભાઈ કાજી** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ગામતળ કાજીવાડ
ટીકા નં. ૫/૧
સીટી સર્વે.નં. ૭૯ ચોરસ મીટર : ૮૪–૪૪–૯૧
સીટી સર્વે.નં. ૧૨૪ ચોરસ મીટર : ૦–૮૩–૬૧
જેના કુલ ચો.મી. ૮૫–૨૮–૫૨
રજીસ્ટર્ડ બાનાખત નંબર : ૩૬૭૪/૨૦૨૩ રજી. તારીખ : ૦૧/૦૭/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ મુસ્તાકભાઈ આલમમીયા કાજી પાસેથી ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત જાગાભાઈ કાળુભાઈ સિંધવ પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૫૮૧/૨૦૧૦ તા. ૧૫/૦૨/૨૦૧૦નાં રોજ ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત (૧) વ્રજકુંવરબેન ગીરધરલાલ મસરાણી (૨) જયંતિલાલ ગીરધરલાલ મસરાણી (૩) કોકીલાબેન કાંતિલાલ (૪) ઈન્દુમતિબેન પ્રવિણચંદ્રભાઈ (૫) વિનોદરાય ગીરધરલાલ મસરાણી (૬) ચંપાબેન તુલસીદાસ (૭) અનસુયાબેન છગનલાલ (૮) રસીકલાલ ગીરધરલાલ મસરાણી નં. ૮ પોતે જાતે તથા ૧ થી ૬ નાં કુલમુખત્યાર પાસેથી તથા નં. ૭ પોતે જાતે પાસેથી વેચાણ દસ્તાવેજ ન. ૧૦૯૬/૧૯૯૪ તા. ૧૭/૦૬/૧૯૯૪નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેના કુલમુખત્યારનામ તા. ૧૦/૦૬/૧૯૯૪ તથા તા. ૧૬/૦૬/૧૯૯૪નાં રોજ આપવામાં આવેલ હતા. જે કુલમુખત્યારનામાં ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતાં.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૪/૦૭/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**ઉદયન ત્રિવેદી**
એડવોકેટ

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૧ | ૧૪૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૩ | શીંગદાણા | ૧૮૦૦ | ૨૦૦૧ |
| ૪ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૦૮૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૨૪૦ |
| ૬ | જીરૂ | ૧૦૦૦૦ | ૧૧૦૦૦ |
| ૭ | કપાસ | ૧૨૫૦ | ૧૪૫૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૩૬ | ૫૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૦૧ |
| ૧૦ | બાજરો | ૩૩૫ | ૪૩૩ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૧૧૨૩ |
| ૧૨ | મકાઈ | ૪૫૧ | ૬૨૩ |
| ૧૩ | મગ | ૧૧૫૧ | ૧૫૭૨ |
| ૧૪ | ચણા | ૮૮૦ | ૯૬૩ |
| ૧૫ | તુવેર | ૧૨૫૦ | ૧૬૫૧ |
| ૧૬ | મેથી | ૧૨૦૦ | ૩૪૦૦ |
| ૧૭ | ધાણા | ૧૦૫૦ | ૧૩૧૫ |

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલામાં બિસ્માર માર્ગને

ચોખ્ખો અને ખુલ્લો ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે. જે પાણી ભરાવાની સ્થિતિ અને સમસ્યા હતી તેમ કશું ફેરફાર થયેલ નથી. એની એ સ્થિતિ જ જોવા મળી રહી છે.

ભ્રષ્ટાચારયુકત કામગીરીનું બિલ ચૂકવામાં આવેલ છે તો કોના અભિપ્રાય મુજબ બિલ ચૂકવેલ છે. તેની સામે અને નબળું કામગીરી કરનાર કોન્ટ્રાકટર સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ તેવું લોકોમાંથી સંભળાઈ રહ્યું છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાથી ગાધકડાનગર થઈને

છે. છતાં વટે માર્ગુ અને ખેડૂતો, બાઈક ચાલકો જીવના જોખમે બ્રીજ પરથી પસાર થઈ રહ્યા છે. જેને લઈને સ્થાનિકો માલધારી વાઘાભાઈ ભરવાડ, અશરફભાઈ સૈયદ દ્વારા તંત્ર સામે રોષિત જોવા મળી રહ્યો છે. એક તરફ સચરાચર વરસાદથી ચારે તરફ પાણીના ઝરણાઓ વહે છે ને વ્હેતિયાળ પાણીના બ્રીજ નીચેથી માટી ઘસી પડી છે. બ્રીજના થોડા સ્લેબના પોપડા પણ પડવાના વાંકે લબડી રહ્યા હોવા છતાં હજુ સુધી તંત્ર આ બ્રીજની ભાળ લેવા પણ આવ્યું ના હોય ને ગાધકડાના સ્થાનિકોને છે ને ના છૂટકે ૧૮ થી ૧૯ કિલોમીટર ફરીને જવાની મજબૂરી ઉભી થઈ છે. ત્યારે ગાધકડાના સ્થાનિક અગ્રણી કાળુભાઈ ઠુમ્મરે તંત્ર જીવના જોખમે ચાલતા વાહનોને લઈને તંત્ર હજુ ધૃતરાષ્ટ્રની ભૂમિકા ભજવતું હોવાનું જણાવ્યું હતું. વરસાદી મહેર ખેડૂતો વાડી ખેતરે જવામાં અને સાવરકુંડલાથી અમરેલી જવામાં કહેર સાબિત થયો હોય તેવું માટી ધોવાયેલા બ્રીજને કારણે હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે તંત્ર હવે જાગૃત થશે કે કેમ તે સો મણનો સવાલ ઊઠી રહ્યો છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સનાં

સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. આ બન્ને વરણીને ઉપસ્થિત તાલુકા ચેમ્બરના પ્રમુખ અને અગ્રણીઓએ આવકારી ફૂલહાર કરી મોં મીઠા કરી આનંદની લાગણી વ્યકત કરી હતી.

આ જિલ્લા ચેમ્બરની મીટીંગમાં અમરેલી વેપારી મહામંડળ નાં પ્રમુખ બિરજુભાઈ અટારા, ટાવર ચોક વેપારી એસોસીએશનના પ્રમુખ હિતેશભાઈ પોપટ, વેપારી અગ્રણી સંજયભાઈ વણઝારા, રસીકભાઈ પાથર, ભાવેશભાઈ પડસાળા, નિલેશભાઈ ધોળકીયા તેમજ વડિલો, ચેમ્બરનાં પ્રમુખ મિતુલભાઈ ગણાત્રા, ધારી ચેમ્બરના પ્રમુખ પરેશભાઈ પટ્ટણી, ધારી વેપારી મહામંડળના પ્રમુખ મુકેશભાઈ રૂપારેલ, ચલાલા ચેમ્બરના પ્રતિનિધી પ્રકાશભાઈ કારીયા, બાબરા ચેમ્બરના પ્રમુખ મુન્નાભાઈ મલકાણ, રાજુલા ચેમ્બરના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા, ખાંભા ચેમ્બરના પ્રમુખ મહેન્દ્રભાઈ હરિયાણી, લાઠી ચેમ્બરનાં પ્રમુખ મેઘાભાઈ ડાંગર, દામનગર ચેમ્બરના પ્રમુખ પ્રિતેશભાઈ નારોલા, લીલીયા ચેમ્બરનાં પ્રમુખ પરીનભાઈ સોની, ચિતલ ચેમ્બરના પ્રમુખ સુખદેવસિંહ સરવૈયા, બગસરા ચેમ્બરનાં પ્રમુખ પ્રકાશભાઈ રાણીંગા, જાફરાબા ચેમ્બરનાં પ્રમુખ તરીકે હર્ષદભાઈ મહેતા સહિતનાં વેપારી અગ્રણીઓ ઉપસ્થિત રહી આનંદની લાગણી વ્યકત કરી હતી.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૩૭૦ |
| ૨ | ધાણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| ૩ | ચણા | ૭૧૨ | ૮૯૪ |
| ૪ | ઘઉં લોકવન | ૩૮૬ | ૪૯૦ |
| ૫ | સોયા | ૮૦૦ | ૯૨૬ |
| ૬ | મગફળી | ૧૨૦૫ | ૧૪૧૨ |
| ૭ | શીંગ દાણા | ૧૫૫૫ | ૧૯૪૨ |
| ૮ | તલ સફેદ | ૨૫૩૦ | ૩૦૦૧ |
| ૯ | તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૧૦ | જુવાર | ૭૮૧ | ૯૫૫ |
| ૧૧ | લસણ | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ૧૨ | મગ | ૧૧૧૫ | ૧૪૭૦ |
| ૧૩ | એરંડી | ૧૦૫૫ | ૧૧૩૨ |
| ૧૪ | ચણા સફેદ | ૧૩૮૯ | ૧૩૮૯ |

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલા પંથકમાં ધોધમાર બે ઈંચ

વરસાદને કારણે ધાતરવડી–૨ ડેમ જે વરસાદને લીધે થયેલ પાણીની આવકને પગલે ભરાઈ જતા ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો હતો. આ ડેમનો દરવાજો ખોલવામાં આવતા નીચાણવાળા ૧૦ જેટલા ગામડાઓને તંત્ર દ્વારા એલર્ટ આપવામાં આવ્યું હતું અને નદીના પટ્ટમાં અવરજવર ન કરવા માટે સૂચના આપવામાં આવી હતી. અહીંના ખાખબાઈ, હિંડોરણા, વડ ભચાદર, કોવાયા, લોઠપુર સહિત ગામડાને એલર્ટ આપ્યું હતું. જાફરાબાદ તાલુકાના સરોવડા સહિતના વિસ્તારમાં વરસાદ ખાબકયો હતો. સરોવડા ગામનો ચેક ડેમ છલકાયો સાવરકુંડલા પંથકમાં અડધો ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો. બાઢડા, મેરીયાણા, વીજપડી, ભમ્મર, દોલતી, ચીખલી, વણોદ, ખડસલી, ગોરડકા સહિત આસપાસના ગ્રામ્યમાં વરસાદ ખાબકયો હતો. સાવરકુંડલાના મેરીયાણા ગામે ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ફુલસર નદીમા પુર આવ્યુ હતું. લાઠી પંથકમાં ઢળતી સાંજના સમયે ધોધમાર સવા ઈંચ જેટલા વરસાદથી સર્વત્ર પાણી છવાઈ ગયેલ જતા ખેડૂતોમા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તો જિલ્લાના ૬ જળાશયો અત્યાર સુધીમાં ઓવરફલો થઈ ચુકયા છે અને હજુ પણ વરસાદી માહોલ યથાવત છે જેને પગલે સતત પાણીની આવક ચાલુ જોવા મળી રહી છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં

પ્રદુષણનો ખતરો મંડાઈ રહ્યો છે. (બીબીસી ઓકટો–૨૦૨૨)

**થોડા ગંભીર સવાલ**

૧. પ્રાકૃતિક ખેતી અને પ્રતિબંધિત જંતુનાશક દવાનું ઉત્પાદન/ઉપયોગ ચાલુ રહે તે વિરોધાભાષી નથી ?

૨. સરકારે એવી કોઈ વ્યવસ્થા ગોઠવેલ છે કે ખેડૂતો Monocrotophos 36% SL નો ઉપયોગ શાકભાજીનાં પાક પર ન કરે ?

૩. શુ UPL નું મોનોક્રોટોફોસ છૂટથી મળતું નથી ? તેનો ઉપયોગ છૂટથી થતો નથી ? આ સંકેત મુજબ રાજય સરકાર પ્રાકૃતિક ખેતી તરફ વાળવા ગંભીર છે ?

૪. મોનોક્રોટોફોસનાં ઉત્પાદન/સપ્લાઈ પર પ્રતિબંધ નથી, તો તેનાં ઉપયોગ પર પ્રતિબંધ શકય છે ?

૫. ૧૯૯૫માં અમેરિકાએ જે ઝેર(મોનોક્રોટોફોસ) પર પ્રતિબંધ મૂકયો છે તે ઝેર(મોનોક્રોટોફોસ)નાં ઉત્પાદક ભારતમાં કરોડો માનવ જીવ અને સજીવ સૃષ્ટિનાં વિનાશનું કારણ બની રહ્યાં છે અને તેને ભારત સરકાર પદ્મભૂષણથી સન્માન કેટલું વાજબી છે ?

યુનાઈટેડ ફોસ્ફરસ લિ.નાં માલીક અને તેની પ્રતિબંધિત જંતુનાશક દવામાં સમર્થન અને બચાવ કરતા કેન્દ્રિય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૧નાં રોજ, લોકસભામાં કહ્યું હતું. 'કપાસ, અનાજ, મકાઈ, ચણા, અડદ, મગ, શેરડી, નારિયેળ, લીંબુ, કેરી, મરચા, ઈલાયચીનાં પાકોમાં મોનોક્રોટોફોસનાં ઉપયોગ પર પ્રતિબંધ નથી, આમ મોનોક્રોટોફોસનાં ઘાતક ઝેરનાં કારણે WHO-વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને તેને શ્રેણી–૧ જંતુનાશકમાં સામેલ કરી છે. શ્રેણી–૧નાં જંતુનાશકોમાં બેહદ ખતરનાક છે. છતાં યુનાઈટેડ ફોસ્ફરસ લિ. કંપની પ્રત્યે ભાજપાનું સમર્થન દેશ માટે ચિંતાનો વિષય છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૦૦ | ૧૪૦૧ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૯૬૦ |
| ૩ | તલ કાળા | ૨૧૦૧ | ૨૮૦૦ |
| ૪ | કપાસ | ૧૨૨૫ | ૧૪૫૧ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૪૮૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૨ |
| ૭ | જુવાર | ૭૨૦ | ૧૧૫૧ |
| ૮ | મકાઈ | ૫૫૧ | ૫૭૦ |
| ૯ | મગ | ૧૬૭૬ | ૧૬૭૬ |
| ૧૦ | તુવેર | ૧૮૮૧ | ૧૮૮૧ |
| ૧૧ | ચણા | ૭૮૦ | ૮૯૦ |
| ૧૨ | એરંડી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૧૩ | શીંગદાણા | ૨૧૦૦ | ૨૧૭૧ |
| ૧૪ | સોયાબીન | ૯૫૫ | ૯૬૩ |

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી




શિક્ષણ અને સંસ્કાર માટે સુપ્રસિદ્ધ એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા.૦૩–૦૭–૨૦૨૩ના રોજ ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ હિન્દુ સનાતન ધર્મની ધરોહર આદ્ય જગતગુરુ શંકરાચાર્યની ચિત્ર પ્રતિમાનું પૂજન અર્ચન અને દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાએ ગુરુ મહોત્સવ વિશે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. અને સંસ્થાના નિયામક મહેન્દ્રદાદાએ પણ સંબોધન કર્યું હતું. શાળાની વિદ્યાર્થીઓ દ્વારા ગુરુભકિત વિશે વકતવ્ય સાંગાણી ઉત્કર્ષ, ગજેરા સંકલ્પ, ડેર સુજલ, સાંગા અવિરાજ, પાનસુરિયા હેત, વેકરિયા વિરેન, સરધારા પ્રિન્સ, સભાયા ખુશાલ વગેરે વિદ્યાર્થીઓએ વકતવ્ય આપ્યા હતા. તેમજ ભકિત ગીત ભુવા રોહન દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. શાળાના સંચાલક દંપતિ દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાની પ્રેરણાથી શાળાનાં આચાર્યશ્રી અને સ્ટાફ તેમજ છાત્રાલયનાં કર્મચારી ભાઈ–બહેનોએ સફળતાપૂર્વક આયોજન કર્યું. અમરેલી જિલ્લાની નિવાસી શાળામાં સદા અગ્રેસર શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં આવી શિક્ષણોતર પ્રવૃત્તિઓથી ગુંજતું રહે છે. શાળા પરિસર રમણીયતાને કારણે વિશાળ સંખ્યામાં વાલીગણોનું આકર્ષણ કેન્દ્ર બન્યુ છે. ગુરુ બ્રહ્મા ગુરુર્ વિષ્ણુઃ । ગુરુર્દેવો મહેશ્વર ।। ગુરુ સાક્ષાત પરબ્રહ્મ । તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।। ગુરુપૂર્ણિમા કે પાવન પર્વ પર, વિશ્વ કે સમસ્ત ગુરૂજનોં કો મેરા શત્ શત્ નમન.

## છેલ્લા એક દાયકામાં મોંઘવારીએ ૬ દાયકાનો રેકર્ડ બ્રેક કર્યો

# હાય રે મોંઘવારી : ગૃહિણીઓમાં રોષની આંધી ઉભી થઇ

**પેટ્રોલ-ડીઝલ-રાંધણગેસ, ખાદ્યતેલ બાદ શાકભાજી, દાળ અને વીજળીનાં ભાવોમાં તોતિંગ વધારો થયો**

**૧૦૦ કરોડ જનતા કે જે ગરીબ કે મધ્યમવર્ગમાંથી આવે છે તેઓને બે ટંકનું ભોજન લેવું મુશ્કેલ**

**ટમેટા, અડદદાળ, કોથમીર, આદુ સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓ અમીરો ખરીદી શકે તેવા સર્વોચ્ચ સ્થાને**

**સત્તાધીશો જેના પરસેવાનાં પૈસે તાગડધિન્ના કરે તે જનતાની પરેશાની કોઈ સમજવા તૈયાર નથી**



અમરેલી, તા. ૪

"બહુત હુઈ મહેંગાઈ કી માર, અબ કી બાર મોદી સરકાર"નાં બુલંદ સાથે સત્તારૂઢ થયેલ નરેન્દ્ર મોદીની સરકારનાં ૯ વર્ષનાં કાર્યકાળમાં અગાઉનાં ૬૭ વર્ષમાં જયાં મોંઘવારી ન પહોંચી તેના કરતાં છેલ્લા ૯ વર્ષમાં મોંઘવારી પહોંચી જતાં દેશની ૧૦૦ કરોડ જનતા કે જે ગરીબ અને મધ્યમવર્ગમાંથી આવે તે તોબા પોકારી ચુકી છે.

ભારત દેશ ૧૯૪૭માં આઝાદ થયો અને વર્ષ ૨૦૧૪ સુધીમાં દેશમાં રાંધણગેસનાં સીલીન્ડરનો ભાવ રૂપિયા ૫૦૦ સુધી પહોંચ્યો અને છેલ્લા ૯ વર્ષમાં તેનો ભાવ રૂપિયા ૧૧૦૦ સુધી પહોંચી ગયો, તેવી જ રીતે પેટ્રોલ ૨૦૧૪માં પ્રતિ લીટર રૂપિયા ૬૫ સુધી અને ૯ વર્ષમાં રૂપિયા ૧૦૦ સુધી, તેવી જ રીતે અનાજ, કઠોળ, શાકભાજી, ખાદ્યતેલ, દૂધ સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓમાં છેલ્લા ૯ વર્ષમાં ૫૦થી લઈને ૧૦૦ કે તો અમુક વસ્તુઓમાં ૨૦૦ ટકા સુધીનો ભાવ વધારો થયો છે.

દેશમાં આજે ૮૦ કરોડ નાગરિકોને મફતમાં અનાજ આપવું પડી રહ્યું હોય તેવી ગંભીર પરિસ્થિતિ છે. તેવા જ સમયે ટમેટા, અડદદાળ રૂપિયા ૧૫૦ આસપાસ, કોથમીર, આદુ, તેલનાં ભાવો પણ ૧૦૦ થી ૨૦૦ કે ૩૦૦સુધી પહોંચી જતાં દેશનાં પાટનગરથી લઈને દેશનાં છેવાડાનાં ગામ સુધીની ગૃહિણીઓમાં રોષનો માહોલ ઉભો થયો છે અને નવી દિલ્હીમાં કોંગ્રેસની મહિલાઓ ધ્વારા મોંઘવારી વિરુધ્ધ હલ્લાબોલ પણ કરવામાં આવ્યો હતો.

એક તરફ મોંઘવારી વધી રહી હોય બીજી તરફ બેરોજગારી પણ વધતી હોવાથી કરોડો પરિવારોનો જીવન નિર્વાહ બચતની રકમમાંથી પણ ચાલી રહ્યો છે. પરંતુ જેનાં પરસેવાનાં પૈસે શાસકો તાગડધિન્ના કરે છે તે જનતાની દયનીય સ્થિતિ સમજવા શાસકો તૈયાર નથી. તેઓ દેશમાં મોંઘવારી નામની બલ્લાએ હાહાકાર મચાવ્યો છે તે સત્ય હકીકત માનવા જ તૈયાર ન હોવાથી મોંઘવારી ઘટવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત રહેતો નથી. આનાથી વધારે કરૂણા બીજી કોઈ હોય શકે નહી.


## ચલાલા દાનબાપુની જગ્યા અને ગાયત્રી સંસ્કારધામ ખાતે આસ્થાભેર ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

(દાનાભગત દ્વારા)

ચલાલા, તા. ૪

ગુરૂપૂર્ણિમાના શુભ દિવસે ચલાલામાં જગવિખ્યાત દાનબાપુની જગ્યા, ગાયત્રી સંસ્કારધામ–સંત દેવીદાસની મુળ વદરની જગ્યા, બજરંગદાસ બાપાની મઢુલી સહિતનાં આશ્રમોમાં હજારો ભાવિકભકતજનોએ આસ્થાભેર ગુરૂપૂર્ણિમાના મહોત્સવની ઉજવણી કરી હતી.

જગ સુપ્રસિધ્ધ દાનબાપુની જગ્યામાં ભાવિક ભકતજનોનો માનવ મહેરામણ ઉમટી પડયો હતો. સવારમાં સંતો–મહંતો, ધારાસભ્ય જે.વી. કાકડીયા, જીલ્લા સંઘના ચેરમેન જયંતીભાઈ પાનસુરીયા સહિત મોટી સંખ્યામાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં પુ. દાનબાપુની ગાદી અને ચરણપાદુકાની પૂજનવિધી, પૂ. વલકુબાપુ, પૂ. મહાવીરબાપુ અને બાળઠાકર પ્રયાગરાજભાઈ સહિત જગ્યા પરિવાર દ્વારા ખુબ ભાવભકિતપૂવક કરવામાં આવેલ. ત્યારબાદ ખુબ ભકિતભાવ વાતાવરણમાં દાનબાપુની ધુન લેવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો





તેમજ ગોહિલવાડ સહિત ઠેકઠેકારણેથી આવેલ ભકતજનો દ્વારા મહંત મહારાજ ગાદીપતિ પૂજય વલકુબાપુની ફુલહાર, શાલ, મોમેન્ટો, પ્રસાદ સાથે ભાવવંદના–ગુરૂવંદના અને ચરણ વંદના કરી ધન્યતા અનુભવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. બપોરે સમુહ પ્રસાદ ભોજન અને મહિલા સત્સંગ અને ધુન જેવા કાર્યક્રમો યોજવામાં આવેલ છે. તેવી રીતે ગાયત્રી સંસ્કારધામમાં પણ ખૂબ જ આસ્થાભેર ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. અહીંયા સવારમાં ગાદી પુજનવિધિ, વૃક્ષારોપણ, ધુન, ભોજન પ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા. સંત દેવીદાસની મુળવદરની જગ્યામાં અને બજરંગદાસ બાપાની મઢુલીએ ગુંદી–ગાંઠીયાની પ્રસાદી વિતરણ અને ધુન–કિર્તન–પૂજન સહિતનાં ખુબ આસ્થાભેર ધાર્મીક કાર્યક્રમો યોજાયા હતા.

## સાવરકુંડલાના દત્તાત્રેય આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાની આસ્થાભેર ઉજવણી

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં ગુરૂશિષ્યના પવિત્ર બંધનના તહેવાર ગુરૂપૂર્ણિમાની સર્વત્ર ભાવભેર ઉજવણી કરવામાં આવેલ હતી. જિલ્લાભરમાં આવેલ મંદિરો આશ્રમોમાં આજે સવારથી જ ધર્મપ્રિય જનતાની ભીડ જોવા મળેલ હતી. સાવરકુંડલાના મહુવા રોડ પર આવેલ દત્તાત્રેય આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા તહેવાર નિમિતે દુર દુર થી હજારોની મેદનીમાં ભાવિકજનો ઉમટી પડેલ હતા.

સવારના સમયે ગુરૂપૂજન બાદ બપોરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં હજારો લોકોએ પ્રસાદીનો લાભ લીધેલ હતો. આ ઉપરાંત સુપ્રસિધ્ધ યાત્રાધામ ભુરખિયા હનુમાનજી મંદિર ખાતે પણ ગુરૂપૂર્ણિમાની શાનદાર ઉજવણી કરવામાં આવેલ હતી. અહીં પણ હૈયે હૈયુ દળાઈ તેટલા ભાવિકજનો ઉમટી પડેલ હતા. બપોરના સમયે પ્રસાદ બાદ સાંજના સમયે સત્યનારાયણની કથાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.

## બગસરામાં આપાગીગાની જગ્યાએ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ





બગસરા, તા. ૪

બગસરા પૂજય આપાગીગા ગાદી મંદિરમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. સવારનાં મંગળા આરતી બાદ ગાદી મંદિરનાં પરિસરમાં પૂજય મહંત જેરામબાપુની નિશ્રામાં પાદુકા પૂજન, ગણેશ પૂજન, કળશ પૂજન સમાધિ મંદિરમાં પૂજન કર્યા બાદ સેવકો તેમજ અનુયાયીઓ દ્વારા પૂજય બાપુનું પૂજન કરવામાં આવ્યું. આ પ્રસંગે બગસરા શહેરનાં તમારા આજુબાજુ ગ્રામ્ય વિસ્તારમાં ભાવિકોએ આ ઉજવણીમાં હાજરી આપી હતી. આ મહોત્સવનું સેવકો દ્વારા તેમજ કોઠારી શ્રી હરિબાપુએ સફળ સંચાલન કર્યુ હતું.

## લીલીયા મોટાનાં મામલતદાર યુ.ડી. વાઢીયા વય મર્યાદાથી નિવૃત થતાં વિદાય અપાઈ

લીલીયામોટા, તા. ૪

લીલીયામોટામાં મામલતદાર યુ.ડી. વાઢીયા વય મર્યાદાથી નિવૃત થતાં ભવ્ય વિદાયમાન અપાયું.

જેમાં પ્રાંત અધિકારી ધારાબેનની વિશેષ ઉપસ્થિતિમાં અપાયું વિદાયમાન. લીલીયામોટા ખાતે ફર્જ બજાવતા મામલતદાર યુ.ડી. વાઢિયા આજરોજ વય મર્યાદાથી નિવૃત થતાં જલારામ મંદિર ખાતે સસ્તા અનાજના દુકાનદારો દ્વારા વિદાયમાનનો કાર્યક્રમ યોજવામાં આવેલ.

જેમાં સસ્તા અનાજ વિતરક એસોસિએશનનાં પ્રમુખ અખુભાઈ ખુમાણ તેમજ સસ્તા અનાજનાં દુકાનદારો દ્વારા સુંદર આયોજન કરાયું હતું. આ તકે મામલતદાર રાદડીયા, ટીડીઓ હેતલબેન કટારા, ના.મા. ડિઝાસ્ટર હિતેશભાઈ જગોદાણા સહિતનો મામલતદાર કચેરી, લીલીયાનો સ્ટાફ ઉપસ્થિત રહેલ. જેમાં સાકર પડો, મોમેન્ટો, પુષ્પગુચ્છ, શાલ ઓઢાડી વિદાયમાન આપવામાં આવેલ.

લીલીયા મામલતદાર વાઢીયા અમરેલી જિલ્લામાંથી ૧૯૮૬ ની સાલમાં જાફરાબાદ ખાતેથી કલાર્ક તરીકેની નોકરીની શરૂઆત કરેલ.

સફર ત્યારે જોગાનું જોગ નિવૃત પણ અમરેલી જિલ્લાનાં લીલીયામોટામાં થયેલ હોય ત્યારે ઈશ્વરનો આભાર માનવામાં આવેલ. વાઢીયાની કામગીરી નીર વિવાદીત હોવાથી ખુબ ચર્ચામાં હતા અને કર્મચારીઓ માટે હરહંમેશ માર્ગદર્શક બનીને સારી એવી સલાહ પોતાના અનુભવ પ્રમાણે આપતા આવા કોમળ સ્વભાવનાં અધિકારીની નિવૃત્તિથી સમગ્ર સ્ટાફની કામગીરીથી પ્રભાવિત હતો. ત્યારે આજરોજ જલારામ મંદિર ખાતે ભવ્ય વિદાયમાન આપવામાં આવેલ. જેમાં મામલતદાર કચેરીનો સ્ટાફ, સસ્તા



અનાજનાં દુકાનદારો ઉપસ્થિત રહેલ. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## કુંકાવાવ : વ્રજ વિદ્યાલય ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી



કુંકાવાવ, તા. ૪

ગુરૂપૂર્ણિમા જેવા પવિત્ર દિવસે વિદ્યાર્થીઓ દ્વારા વ્રજ વિદ્યાલય ખાતે શિક્ષકોના આશીર્વાદ લઈ સરસ મજાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં વિદ્યાર્થીઓ ગુરૂપૂર્ણિમા દિવસ વિશે વકૃત્વ સ્પર્ધા તેમજ નિબંધ લેખન અને તેમના વ્હાલા ગુરૂ માટે કાર્ડ બનાવેલ હતા. આ ઉપરાંત શાળાના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રોને ગુરૂપૂર્ણિમા દિવસની શુભેચ્છા આપવામાં આવી હતી. અને આચાર્ય વિવેકભાઈ દીક્ષિત દ્વારા ગુરૂપૂર્ણિમા દિવસનું વિશેષ મહત્વ સમજાવવામાં આવ્યું અને આ ઉપરાંત આજનો બીજો દિન વિશેષ આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક મુકત દિવસ આના વિશે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને વ્રજ વિદ્યાલય પરિવાર દ્વારા પોતાના વ્યવહારિક જીવનમાં પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરે તેવી પ્રતિજ્ઞા પણ લીધી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારના દરેક શિક્ષક મિત્રો જોડાયા હતા.

# લાયન્સ કલબ ઓફ અમરેલી–મેઈનનો શપથગ્રહણ યોજાયો



તા. ૧/૭/૨૩નાં રોજ બાલમુકુંદહોલ ખાતે લાયન તત્કાલિન પ્રમુખ શિવલાલ હપાણી અને તેની ટીમ દ્વારા આ કાર્યક્રમનું આયોજન થયું. કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા હતા. ઈન્સ્ટોલીંગ ઓફિસર તરીકે લા. પૂર્વ ગવર્નર ભત મહેતા દ્વારા લા. પ્રમુખ તરીકે કૌશિક હપાણી, સેકેટરી દિવ્યા સોજીત્રા, ખજાનચી રજનીકાંત ધોરાજીયા અને સમગ્ર ટીમને નવા વર્ષનાં શપથ લેવડાવીયા હતા તેમજ નિયુકત કર્યા હતા. તેમજ ઈન્ડકશન ઓફિસર તરીકે લા. પૂર્વ ગવર્નર મીના મહેતાએ નવા સદસ્યોને શપથ લેવડાવ્યા હતા. આ તકે લા. કાંતીભાઈ વઘાસીયા, લા. દિનેશભાઈ ભુવા, લા. મયંકભાઈ, લા. નિલેશ ઠુમ્મર, લા. કિશોરભાઈ શિરોયા, લા. દિવ્યેશ વેકરિયા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. તથા અન્ય સામાજિક સંસ્થાનાં પ્રતિનિધિ, લાયન્સ કલબ સીટી અને લાયન્સ કલબ રોયલનાં તેમજ લાયન્સ કલબ અમરેલી મેઈનનાં સદસ્યો હાજર રહ્યાં હતા. કલબનાં સીનીયર તેમજ નવા સસ્યો દ્વારા નવા વર્ષમાં સેવાકીય કાર્યો કરવાનો સંકલ્પ કરેલ છે. સમારંભનાં અંતે સર્વેએ સુંદર ભોજનનો સ્વાદ માણેલ. તેમ કલબ વતી લા. રાજુભાઈ પરીખની યાદીમાં જણાવેલ છે.

## તાજેતરમાં પડેલ વરસાદમાં પુલની નીચેની માટીનું ધોવાણ થતાં

# સાવરકુંડલાથી ગાધકડાનગર થઈને અમરેલી માર્ગનો પુલ હવામાં

**પડવાનાં વાંકે ઉભા રહેલ પુલનું નિરીક્ષણ કરવાનો સમય માર્ગ-મકાન વિભાગ પાસે નથી**

**ગાધકડા-વિજયાનગર સહિતનાં ગામજનોને પુલનાં અભાવે ૧૮ થી ૧૯ કિ.મી. ફરીને જવું પડે છે**

**ગાધકડાનાં અગ્રણી કાળુભાઈ ઠુંમરે તંત્રનાં ભ્રષ્ટાચાર સામે કર્યા પ્રહારો**

**માર્ગ-મકાન વિભાગ દ્વારા યુદ્ધનાં ધોરણે માર્ગની મરામત કરવામાં આવે તે જરૂરી**



સાવરકુંડલા, તા. ૪

અમરેલી જિલ્લામાં થયેલી મેઘ મહેર રોડ–રસ્તાઓ માટે કહેર સાબિત થઈ છે ને રોડ–રસ્તાઓમાં માટી કામ ધોવાઈ જવાની અનેક ફરિયાદો વચ્ચે સાવરકુંડલાના ગાધકડાથી વિજયાનગર થઈને સાવરકુંડલા જવાનો માટી ઉપર સ્લેબ સાથેનો બ્રીજ માટી ધોવાઈ જતાં બ્રીજ હાલક ડોલક બન્યો છે. ત્યારે બ્રીજથી ગંભીર અકસ્માતો સર્જાવાની દહેશત વચ્ચે જીવના જોખમે વાહનો પસાર થઈ રહ્યા છે. સાવરકુંડલાના ગાધકડાં ગામથી વિજયાનગર થઈને સાવરકુંડલા, અમરેલી જવાનો ટુંકો માર્ગ આ બ્રીજ પરથી જવાનો સરળ માર્ગ છે. પણ અમરેલી જિલ્લામાં પડેલા સચરાચર વરસાદમાં વિજયાનગર થઈને સાવરકુંડલા–અમરેલી જવાનો માર્ગ પરનો બ્રીજ ઉપરથી સહી સલામત જોવા મળે પણ નીચેથી માટી ધોવાઈ જતા આખો બ્રીજ જુલતા મિનારા જેવો સ્પષ્ટ જોવા મળી રહ્યો

અનુસંધાન પાના ૬ ઉપર

---

## પંચાયતની તિજોરી ખાલીખમ

# ખાંભા : ગીદરડી ગામ પંચાયતે લાઈટ બીલ ન ભરતા પાણી–પુરવઠો બંધ

**ગામજનો ભારે હાલાકીમાં મુકાયા**

ખાંભા, તા. ૪

ગીરકાંઠાના છેવાડાના ખાંભા તાલુકાના ગીદરડી ગામે સ્થાનિક ગ્રામ પંચાયત પાસે પાણી પુરવઠાના વીજબીલ, પાણી છોડવાવાળાનો પગાર ૪૫૦૦, પટાવાળાનો પગાર ૧૫૦૦, લાઈટ બિલ ૨૦૦૦, અન્ય સ્ટેશનરી ખર્ચ થઈ કુલ રૂપિયા ૯૦૦૦ જેવી રકમના અભાવે ૨૦૦૦ની માનવ વસ્તીવાળા પશુપાલન અને ખેતી, મજૂરી ઉપર નભતા ગીદરડી ગામના ગ્રામજનોનો પાણી પુરવઠો પંચાયત દ્વારા બંધ કરી દેવાતા ગ્રામજનો ભારે હાલાકીમાં મુકાયા છે.

પાણી પુરવઠાનો ખર્ચ ૨૦૦૦ લાઈટ બિલ અને પાણી આપવાવાળાનો પગાર રૂપિયા ૪૫૦૦ કુલ રૂપિયા ૬,૫૦૦ જેવી હાલના સમયમાં મામુલી રકમ પણ પંચાયત પાસે ન હોય તે નવાઈજનક ગણાય. ગીદરડી ગામનો પાણી પુરવઠો બંધ કરવા બાબત સરપંચ દ્વારા ગામના ગ્રુપમાં વોટસએપ દ્વારા વાયરલ કરાતા તાલુકાભરમાં ચર્ચાના ચગડોળે ચડેલ હોય ખાંભા મામલતદાર તથા ટીડીઓ દ્વારા તાત્કાલિક ગીદર્ડી ગામનો પાણી પ્રશ્ન ઉકેલાય તેવું ગ્રામજનો ઈચ્છે રહ્યા છે.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું

# સાવરકુંડલા શહેરમાં સવારે ૮ થી રાત્રિના ૯ સુધી ૬ વ્હીલ ધરાવતા વાહનો પર પ્રતિબંધ

**ભારે વાહનો માટે વૈકલ્પિક રૂટ જાહેર કરાયો**

અમરેલી, તા.૦૪

સાવરકુંડલા શહેરમાં ટ્રાફિક સંચાલન માટે છ કે તેથી વધુ વ્હીલ વાળા વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ છે. શહેરમાં સવારે ૮:૦૦થી રાત્રે ૯:૦૦ કલાક સુધી પ્રતિબંધ રહેશે. જિલ્લા કલેકટરે જાહેરનામું પ્રસિદ્ધ કરી વાહનો માટે સાવરકુંડલા શહેરમાંથી પસાર થવાને બદલે આપવામાં આવેલા વૈકલ્પિક માર્ગ પરથી પસાર થવા આદેશ કર્યો છે.

આ વૈકલ્પિક રૂટમાં અમરેલી તરફથી આવતા અને મહુવા, વંડા, જેસર, પાલીતાણા, રાજુલા, પીપાવાવ, જાફરબાદ, નાગેશ્રી, ઉના તરફ જતા ભારેથી અતિ ભારે વાહનોએ કાયમી ધોરણે અમરેલી તરફથી આવતા શરૂ થતા બાયપાસ પરથી પસાર થવું. મહુવા તરફથી આવતા અને જેસર, પાલીતાણા, લીલીયા, અમરેલી, રાજકોટ તરફ જતા ભારેથી અતિભારે વાહનોએ મહુવા રોડ પરથી શરૂ થતા બાયપાસ

અનુસંધાન પાના ૬ ઉપર

---

## જિલ્લા ભાજપનાં અગ્રણી કમલેશ કાનાણીની માંગ

# જુના સાવર ગામે શેત્રુંજી નદીનાં ઉત્તર અને દક્ષિણ તરફનાં કાંઠે દીવાલ બનાવો

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવવામાં આવ્યો**

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લા ભાજપનાં અગ્રણી કમલેશ કાનાણીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, જુના સાવર ગામે નીકળતી શેત્રુંજી નદીમાં અવાર–નવાર ભયંકર પુર આવવાથી ખેડૂતોની જમીનનું મોટા પ્રમાણમાં ધોવાણ થાય છે. તો આ નદીસના ઉત્તર અને દક્ષિણ બાજુ બે–બે કિલોમીટરમાં જરૂર જણાય ત્યાં પ્રોટેકશન વોલ બનાવવામાં આવે તો આ કાયમી પ્રશ્ન હલ થઈ શકે તેમ છે.

વધુમાં જણાવેલ કે વર્ષ ૨૦૧૫માં આ નદીની બન્ને બાજુ પુરનાં કારણે માટીનાં પાળાનું ધોવાણ થયેલ. જે હાલની સ્થિતિએ માટી કામ થયેલ નથી. આ પ્રોટેકશન વોલ બાબતે સરકારમાં દરખાસ્ત પેન્ડીંગ છે. તો આ દરખાસ્ત મંજુર કરી પ્રોટેકશન વોલ બનાવવામાં આવે તો ખેડૂતોની જમીન ધોવાણનો પ્રશ્ન કાયમી સોલ થાય તેમ છે. તો યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

---

## એક તરફ પ્રાકૃતિક ખેતી કરવા ખેડૂતોને આહવાનને બીજી બાજુ

# અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં પ્રતિબંધિત જંતુનાશક દવાઓનું બેરોકટોક ઉત્પાદન અને વેચાણ

**પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા મનહર પટેલનાં ભાજપ સરકાર પર શાબ્દિક પ્રહારો**

અમરેલી, તા. ૪

આજે ખેતી માટે જંતુનાશક દવા પૈકી કેટલીક પ્રતિબંધિત હોવાથી શાકભાજીના પાકમાં વાપરી શકાતી નથી. કારણ કે તેનું ઉત્પાદનની છૂટ છે, Pesticide Act 1986 તથા Pesticide Rules 1971 માં આવી હાનિકારક જંતુનાશક દવાઓનું વિતરણ/વેંચવા અંગે કડક જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે ૧૦ ઓકટોબર, ૨૦૦૫નાં રોજ Monocrotophos (Cancellation of Certificate of Registration) Order, 2005 થી શાકભાજીનાં પાકોમાં મોનોક્રોટોફોસનાં ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો હતો.

આ મોનોક્રોટોફોસનાં છંટકાવ વેળાએ કૃષિ–શ્રમિકોનાં મોત થાય છે. આ જંતુનાશકનો છંટકાવ કર્યો હોય તેવી શાકભાજી હાનિકારક છે. મોનોક્રોટોફોસનાં ઘાતક ઝેરનાં કારણે WHO-વિશ્વ સ્વાસ્થય સંગઠને તેને શ્રેણી–૧ જંતુનાશકમાં સામેલ કરી છે. શ્રેણી–૧ના જંતુનાશકોમાં બેહદ ખતરનાક છે. આ જંતુનાશક દવાની થોડી માત્રા જીવ લઈ શકે તેટલી ખતરનાક છે.

CIBRC-સેન્ટ્રલ ઈન્સેકિટસાઈડસ બોર્ડ એન્ડ રજીસ્ટ્રેશન કમિટી મુજબ ૧૮ પેસ્ટિસાઈડ શ્રેણી–૧માં રજીસ્ટર્ડ થયેલાં છે. ઉપયોગમાં લેવાતા જંતુનાશક દવાઓમાં ૩૦% શ્રેણી–૧નાં જંતુનાશકો હોય છે.

૨૦૧૩માં ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થાનાં પૂર્વ પ્રોફેસર અનુપમ વર્માના અધ્યક્ષસ્થાને વિશેષજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ. આ સમિતિએ વિશ્વનાં કેટલાંક દેશોમાં પ્રતિબંધિત હોય તેવા ૬૬ જંતુનાશકોની તપાસ કરવાની હતી. આ સમિતિની ભલામણ અનુસાર ૨૦૧૮માં શ્રેણી–૧નાં ૩ અને ૨૦૨૧માં શ્રેણી–૧નાં ૪ પેસ્ટિસાઈડ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પરંતુ આશ્ચર્યની બાબત એ હતી કે તે સૂચિમાં મોનોક્રોટોફોસ સામેલ ન હતું.

અભ્યાસનાં અંતે જાણવા મળ્યું કે, ખતરનાક પ્રતિબંધિત જંતુનાશક દવાનું ઉત્પાદન કચ્છનાં રજનીકાંત દેવીદાસ શ્રોફની કંપની યુનાઈટેડ ફોસ્ફરસ લિમીટેડ(UPL) કરી રહી છે અને તેમને ભારતનાં લોકોને આડકતરી રીતે ઝેર આપવાની આ ઉમદા સેવા બદલ ભારત સરકારે જાન્યુઆરી ૨૦૨૧માં રજનીકાંત શ્રોફનું પદ્મભૂષણથી સન્માન કરેલ હતું.

ભારત સરકારનાં પર પ્રતિબંધિત ભારત સરકારનાં દફતરે શ્રેણી–૧ બેહદ ખતરનાક જંતુનાશક યાદીમાં મોનોક્રોટોફોસ આવેછે. USAમાં, ૧૯૯૫થી જ monocrotophos તથા methamidophos પર પ્રતિબંધ છે.

એક તરફ ગુજરાતનાં ગવર્નર ઓર્ગેનિક ખેતી/ગાય આધારિત કૃષિની ઝૂંબેશ ચલાવે છે, બીજી તરફ કેન્દ્ર સરકાર પ્રતિબંધિત જંતુનાશક દવાના ઉત્પાદકોનું બહુમાન કરી રહી છે. રાષ્ટ્રના લોકોને ખતરનાક જંતુનાશક દવા કોઈને કોઈ ખેતી પાકોનાં માધ્યમથી માનવ શરિરમાં જાય છે અને અનેક ગંભીર બિમારીમાં દેશ આજે પીડાઈ રહ્યો છે. દર વર્ષે ભારતમાં ૧૨ લાખ લોકો કેન્સરથી મૃત્યુ પામે છે. અને લોકોનાં દર વર્ષે દુનિયાભરમાં મોત થાય છે. તેનાં ૬૦% મોત ભારતમાં થાય છે. એક સર્વે કહે છે કે દુનિયાની ૬૪% ખેતી લાયક જમીન પર જંતુનાશક દવાના

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)